# આદિત્યાણા વણકર સમાજનો પ્રથમ સમુહ લગ્ન સફળ રીતે



(પ્રકાશ પંડિત દ્વારા)

આદિત્યાણા તા.૨૩

આદિત્યાણા વણકર સમાજનો પ્રથમ સમુહ લગ્નોત્સવ દિકરી ઘરનો દિવો રંગેચંગે ધામધુમથી સંપન્ન થયેલ. આ સમુહ લગ્નોત્સવનો ઠાઠમાઠ અને સજાવટ એટલી કાબીલેદાદ હતી કે જોવાવાળા જોતા જ દંગ થઈ જાય.ઉપરાંત આ સમુહ લગ્નોત્સવની વીશેષતા એ હતી કે તેમાં કોઈપણ જાતનું ફંડ ઉઘરાવવામાં આવેલ ન હતું. આખે આખું ફંડ આદિત્યાણા વણકર સમાજની દિકરી અને મુંબઈ ખાતે બિલ્ડીંગ કન્સ્ટ્રકશન વ્યવસાય સાથે સંકળાયેલ પારૂલબેન ડાયાભાઈ મારૂ તેમજ પારૂલબેનના પતિ અભિષેકભાઈ લેઉવા દ્વારા આપવામાં આવેલ.

આ લગ્નોત્સવનો ઝાકઝમાળ એટલો જોરદાર હતો કે આદિત્યાણા તો ઠીક પણ આખો પોરબંદર વિસ્તારમાં આવા સમુહલગ્ન જોવા મળેલ નથી. અંદાજે દસેક હજાર માણસોનો રસ-પુરી અને ગુલાબજાંબુનું ભોજન પીરસવામાં આવેલ.

આ સમુહલગ્નોત્સવમાં નવદંપતિને લગ્ન બાદ મેરેજ સર્ટીફીકેટ માટે કયાંય ન જવું ન પડે તે માટે સ્થળ પર જ મેરેજ સર્ટીફીકેટ આપવાની વ્યવસ્થા નગરપાલીકાના સવદાસભાઈ ઓડેદરા, હેમંતભાઈ રાઠોડ અને ભારતીબેન વકીલ દ્વારા કરવામાં આવેલ હતી. સ્થળ પર જ મેરેજ સર્ટીફીકેટ આપી દેવાયેલ.

આ સમુહલગ્નોત્સવને સફળ બનાવવા વણકર સમાજ સંચાલક કમિટીના જેન્તીભાઈ ચનાભાઈ શીંગરખીયા, હેમંતભાઈ રાઠોડ, જેન્તીભાઈ કાનાભાઈ મકવાણા, આર.કે.સાગઠીયા, મેઘજીભાઈ ખીમજીભાઈ મકવાણા, નીખીલ ખીમજી શીંગરખીયા સહિતના આગેવાનોએ દિવસ કે રાત જોયા વગર મહેનત કરેલ.

ઉપરાંત સમુહ લગ્નોત્સવના કાર્યકરોની ટીમ માટે ૧૨૦ ઝભ્ભા પણ દરેક કાર્યકરોને આપવામાં આવેલ હતા. આ લગ્નોત્સવ પારૂલબેને પોતાના મૃતક ભાઈ કેતન ડાયાભાઈ મારૂના સ્મરણાર્થે યોજેલ.

આ લગ્નોત્સવ પુર્ણ થયે પારૂલબેન દિકરાઓને વિદાય આપતી વખતે ચોધાર આંસુથી રડેલ હતા અને જાણે પોતાની દિકરીઓ વળાવતા હોય તેમ પાષાણ હૃદયનો માનવી પણ પીગળી જાય તેવુ રૂદન કરેલ હતું.

આ સમુહલગ્નોત્સવમાં એક પણ કમી ન રહી જાય તેના માટે પારૂલબેન મારૂ તેમજ પતિ અભિષેક લેઉવા તેમના ભાઈ દિવ્યેશ ડાયાભાઈ મારૂ અને તેમના પિતા નિવૃત એએસઆઈ ડાયાભાઈ મારૂએ સખત જહેમત ઉઠાવી હતી.

# પ્રજ્ઞાચક્ષુ ચેરી. ટ્રસ્ટના ટ્રસ્ટી નીરૂબેન ભરતભાઈ કાંબલીયા દ્વારા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા જૂનાગઢની સેવાભાવી સંસ્થાઓને રૂા.૨,૫૧,૦૦૦નું અનુદાન અપાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

રામે દીધો છે રૂડો રોટલો, તમે ખવડાવીને ખાવ રે, રામે દીધો છે રૂડો રોટલો. આ ઉક્તિને સાર્થક કરે તેવું પ્રજ્ઞાચક્ષુ ચેરી. ટ્રસ્ટના હોલમાં સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા તથા પ્રજ્ઞાચક્ષુ ચેરી. ટ્રસ્ટના મેને. ટ્રસ્ટી મુકેશગીરી એસ. મેઘનાથીના માર્ગદર્શન હેઠળ પ્રજ્ઞાચક્ષુ ચેરી. ટ્રસ્ટના ટ્રસ્ટી નીરૂબેન ભરતભાઈ કાંબલીયા દ્વારા જૂનાગઢની સેવાભાવી સંસ્થાઓ જેમાં (૧) પ્રજ્ઞાચક્ષુ ચેરી. ટ્રસ્ટ - અંધ કન્યા છાત્રાલયને નવું સાઉન્ડ સિસ્ટમ વસાવવા અર્થે રૂા.૩૦ ૦૦૦, (૨) સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટને ઘીનો ડબ્બો, (૩) સર્વોદય બ્લડ બેંકના પ્રતિનિધિ અનિલભાઈ વ્યાસને રૂા.૧૧૦૦૦, (૪) મહિલા આશ્રય સ્થાનના પ્રતિનિધિ રમાબેન ગોહિલને રૂા.૧૧૦૦૦, (૫) દિવ્યાંગ સેવા સંસ્થાનના પ્રતિનિધિ મનહરસિંહ ઝાલાને રૂા.૫૧૦૦, (૬) બાબા મિત્ર મંડળના પ્રમુખ નિલેશભાઈ માળી તથા જયેશ ગીરી ગોસ્વામીને રૂા.૫૧૦૦,(૭) સાંત્વન દિવ્યાંગ દીકરીઓની સંસ્થા માખીયાળાના પ્રતિનિધિ રેખાબેન પરમારને રૂા.૫૧૦૦, (૮) આશાદીપ ચેરી. ટ્રસ્ટના પ્રતિનિધિ પૂર્ણાબેન હેડાવને રૂા.૫૧૦૦, (૯) નમ્રમુનિ મહારાજ સંસ્થાનના સુજલભાઈ દોશીને રૂા.૧૧૦૦૦, (૧૦) ગુંદરણ ગામ આહીર સમાજની વાડીમાં રૂા.૧,૦૦,૦૦૦, (૧૧) ગુંદરણ ગામની અપંગ ગાયો માટેની ગૌશાળાને રૂા.૧૧૦૦૦ હસ્તે લખુભાઈ, (૧૨) માલજીંજવા ગૌશાળાને રૂા.૧૧૦૦૦ આમ દરેક સેવાભાવી સંસ્થાઓને યથાયોગ્ય અનુદાનની વહેંચણી કરવામાં આવી હતી. દરેક સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા સહર્ષ અનુદાનનો સ્વીકાર કરી સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજાનો હૃદયથી આભાર માન્યો હતો. આ પ્રસંગે મનસુખભાઈ વાજાએ સામેથી દરેકનો આભાર માન્યો હતો અને નીરૂબેન કાંબલીયા દ્વારા આવા સત્કાર્યોની સરવાણી સતત ચાલુ રહે તે બાબત દોહરાવી હતી. આ પ્રસંગે ગાયત્રી પરિવારના મેને. ટ્રસ્ટી નાગભાઈ વાળા, વિજયાબેન લોઢીયા તથા પટેલ પબ્લિસિટી વાળા વિનુભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રસંગને પૂર્ણ કરવા માટે મુકેશગીરી એસ મેઘનાથી, શાંતાબેન બેસ, કમલેશભાઈ પંડ્યા, અલ્પેશભાઈ પરમાર, પ્રવીણભાઈ જોશી, ચંપકભાઈ જેઠવા અને મનોજભાઈ સાવલિયા એ જહેમત ઉઠાવી પ્રસંગને દીપાવ્યો હતો.

# ઓખા નગરપાલીકા નવી ટર્મ માટેના પ્રમુખ ઉપપ્રમુખની સર્વાનુમતે વરણી



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૩

ઓખા નગરપાલિકા સભાખંડમાં નવી ટર્મ માટેના પ્રમુખ ઉપપ્રમુખની વરણી માટે એક બેઠક યોજાઈ ગયેલ. જેમાં પ્રમુખપદે લોહાણા અગ્રણી રાજુભાઈ કોટક તથા ઉપપ્રમુખપદે ક્ષત્રિય વાઘેર અગ્રણી હાડાભા માણેકની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ ભાજપ શાસિત ઓખા નગરપાલિકાના નવા વરાયેલા પ્રમુખ ઉપપ્રમુખને ધારાસભ્ય પબુભા માણેક દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવેલ.

### પોરબંદરનાં મિયાણી ગામનો બનાવ

# પરિણીત યુવતીને ભગાડી જવા પ્રશ્ને બે પરિવારો વચ્ચે મારામારી થઈ

## ઈજાગ્રસ્તોને સારવાર માટે પોરબંદરની હોસ્પિટલ લવાયા છે તો બીજી બાજુ હત્યાની કોશિશ સહિતની કલમો હેઠળ સામસામે ક્રોસ ફરિયાદ દાખલ કરાઈ

રાજકોટ, તા.૨૩

મિયાણી ગામે વાડી વિસ્તારમાં રહેતા ઈલેક્ટ્રિશિયન ભરત લખુભાઈ જમોડ નામના ૨૩ વર્ષના યુવાને એવી પોલીસ ફરિયાદ નોંધાવી છે કે તેના ભાઈ કમલેશ જમોડને કરસન બાલુ વાઘેલાની દીકરી સાથે પ્રેમ સંબંધ હતો તે બાબતનું મનદુઃખ રાખીને ઘાતક હથિયારો ધારણ કરીને બે મહિલા સહિત ૧૫ વ્યક્તિના ટોળાએ ઘાતક હુમલો કર્યો છે અને હત્યાની કોશિશ કરી છે. વહેલી સવારે બાલુ કારા વાઘેલા, મુન્ના બાલુ વાઘેલા, કરસન બાલુ વાઘેલા, સુમરીબેન બાલુ વાઘેલા, મણીબેન કરસન વાઘેલા, સાગર પુંજા વાઘેલા, દેવસી કારા વાઘેલા, રાહુલ દેવસી વાઘેલા, ભરત દેવશી વાઘેલા, રામા કારા વાઘેલા, અને અજાણ્યા ત્રણથી ચાર વ્યક્તિઓ લાકડી લોખંડના પાઈપ જેવા હથિયારો ધારણ કરીને આવી પહોંચ્યા હતા. સાગર પુંજા વાઘેલાએ ભરતના માથામાં લાકડી મારી હતી તથા અન્ય આરોપીઓએ આડેધડ માર મારી ઈજા પહોંચાડી હતી. ભરતના માતા શાંતીબેન જમોડને પણ ઈજા પહોંચાડી હતી અને પિતા લખુભાઈ જમોડને પણ મુંઢ માર મારવામાં આવ્યો હતો. ભરતના દાદા રાણાભાઈ ઉકાભાઈ જમોડની હત્યાના ઈરાદે માથામાં લાકડીના ફટકા મારીને દેવશી કારા વાઘેલા અને રામા કારા વાઘેલાએ હત્યાની કોશિશ કરી હતી. અન્ય આરોપીઓએ રાણાભાઈ જમોડના પગમાં લાકડીઓ તથા પાઈપ મારીને ફ્રેકચર જેવી ગંભીર ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ ઘરના બારીના કાચ તોડી નાખ્યા હતા તથા મોટરસાયકલમાં પણ તોડફોડ કરી હતી. સામે પક્ષે મિયાણીના મણીબેન કરસન વાઘેલા દ્વારા એવી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે કે તેની દીકરી નીલમ ૧૯ વર્ષની છે અને તેના લગ્ન બે મહિના પહેલા જામ રાવલના મુકેશ રામદે કોરાખી સાથે થયા હતા. ૨૦ દિવસ પહેલા નીલમ ઘરે આવી હતી અને તા. ૧ મેના રાત્રે કોઈને કશું કહ્યા વગર ગામમાં જ રહેતા કમલેશ લખુ જમોડ સાથે પ્રેમ સંબંધ હોવાથી તેની સાથે જતી રહી હતી. નીલમ પરણેલી હોવાથી તેને ફરીથી ઘરે લઈ આવવા સમાજ લેવલે વાતચીત ચાલતી હતી. સવારે અચાનક દરવાજા પાસે પુત્રી નીલમનો અવાજ સંભળાયો હતો અને એણે એવું જણાવ્યું હતું કે રાડિયો આતો, કમલેશ લખુ તથા બીજા લોકો મને અહીં મૂકી ગયા છે અને કહ્યું છે કે તું હવે અમારે નથી જોતી. આથી ફરિયાદી મણીબેને દીકરીને એવું જણાવ્યું હતું કે પહેલું ઘર પણ બગાડયું છે હવે આ લોકો તને ન રાખે તો અમે તને ક્યાં મૂકવા જઈએ તેના કરતા ચાલ અમે લોકો તને જ્યાં હતી ત્યાં મૂકી જઈએ તેમ કહીને ફરિયાદી મણીબેન વગેરે દીકરી નીલમને લઈને કમલેશના ઘરે મુકવા ગયા હતા. ત્યાં મણીબેને તેની દીકરી નીલમને સોંપીને કહ્યું હતું કે મારી દીકરીને ૨૦ દિવસ ફેરવી મૂકી ગયેલ છે હવે અમારે ક્યાં મૂકવા જવી? તેમ વાત કરતા રડીઓ આતો ઉર્ફે રાણા ઉકા જમોડ ઉશ્કેરાઈ ગયો હતો અને ફળિયામાં પડેલ લાકડી વડે મહિલાના પગમાં માર્યો હતો. એ દરમિયાન રડીયા આતાનો દીકરો લખુ અને તેનો દીકરો કમલેશ પણ આવી પહોંચ્યા હતા અને આ મહિલાને ઢીકા પાટુનો માર મારી ગાળો બોલવા લાગ્યા હતા.

એ દરમિયાન ફરિયાદી સાથે ગયેલા સંબંધીઓ છોડાવવા જતા એવું કહ્યું હતું કે તમારી દીકરીને ફરીને લઈ આવશો તો જાનથી મારી નાખશું. આગળની તપાસ મિયાણી મરીન પોલીસ ચલાવે છે.

# માણાવદર તાલુકાના ચુડવા ગામે જુગાર દરોડો : છ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

માણાવદર તાલુકાના ચુડવા ગામે પોલીસે ચોક્કસ બાતમીના આધારે જુગાર અંગે દરોડો પાડતા છ શખ્સોને જાહેરમાં જુગાર રમતા રૂા.૧૧,૭૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.


## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : જૂનાગઢ નિવાસી દીપા બાટવિયા (ઉં.વ.૫૮) તે વિઠ્ઠલભાઈ બાટલીયાની પુત્રી, કિરણભાઈ બાટવિયાની બહેનનું તા.૨૧ના અવસાન થયેલ છે. સદગતનું ટેલીફોનિક બેસણું મો.નં.૯૪૨૭૪ ૯૬૬૯૧ આજ તા.૨૩ને ગુરૂવારે સાંજે ૪ થી૬ રાખેલ છે.

વેરાવળ : જગદીશભાઈ મણીલાલ ધનેશા (કાળુભાઈ જુથળ વાળા) (ઉ.વ.૬૭) તે, જતીનભાઈ, પ્રશાંતભાઈના પિતાશ્રી, રસિકભાઈ, વિજયભાઈ, સ્વ.જીતુભાઈ, સરોજબેન, રીનાબેન, નિર્મળાબેનના ભાઈ, સ્વ.દ્વારકાદાસ મનજીભાઈ પટેલિયાના જમાઈ, સ્વ.કિશોરભાઈ, વિજયભાઈ, વિપુલભાઈના બનેવીનું તા.૨૧ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા પીયરપક્ષની સાદડી તા.૨૩ ને ગુરૂવારે સાંજે ૫ થી ૬ બિલેશ્વર મંદિર, શિક્ષક કોલોની વેરાવળ ખાતે રાખેલ છે.

વેરાવળ : લાલજીભાઈ વીરજીભાઈ જેઠવાના ધર્મપત્ની રમાબેન (ઉ.વ.૭૩) તે પ્રફુલભાઈ, દીલીપભાઈના માતુશ્રીનું તા.૨૦ ના અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૨૩-૫-૨૦૨૪ ને ગુરૂવારે સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ કલાકે રૂદ્રેશ્વર મહાદેવ મંદિર, આઝાદ સોસાયટી, વેરાવળ ખાતે રાખેલ છે.

# ભગવાન વિષ્ણુના ચતુર્થ અવતાર નૃસિંહજીની જયંતિ નિમિત્તે દ્વારકાધીશ રાજાધિરાજને વિશિષ્ટ શૃંગાર મનોરથ




(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૩

ભગવાન વિષ્ણુના ચતુર્થ અવતાર એવા નૃસિંહજીની જયંતિ નિમિત્તો યાત્રાધામ દ્વારકામાં આવેલ સુપ્રસિધ્ધ દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને વિશિષ્ટ શૃંગાર મનોરથ યોજવામાં આવ્યા હતા. સાંજે બરાબર સંધ્યા સમયે ઠાકોરજીના નૃસિંહજી સ્વરૂપના દૈદિપ્યમાન શૃંગાર સાથેના વિશિષ્ટ દર્શન ખૂલ્યા હતા.તેમજ સંધ્યા સમયે ઉત્સવ આરતી પણ યોજવામાં આવી હતી.જેના દર્શન મનોરથનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો.

### કોહલીએ તેને ગળે લગાવ્યો

# દિનેશ કાર્તિકે આઈપીએલમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે



## રાજસ્થાન રોયલ્સ સામે હાર્યા બાદ, દિનેશ કાર્તિક વિશે લાઈવ ટીવી પર જાહેરાત કરવામાં આવી

નવી દિલ્હી, તા.૨૩

દિનેશ કાર્તિકે એટલે કે ડીકેએ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે. જો કે દિનેશ કાર્તિકે આની જાહેરાત કરી ન હતી. પરંતુ લાઈવ ટીવી પ્રસારણ દરમિયાન એવી માહિતી મળી હતી કે દિનેશ કાર્તિકે આઈપીએલની સફર ખતમ કરી દીધી છે. તેની 16 વર્ષની IPL સફરમાં કાર્તિક 6 IPL ટીમો માટે રમ્યો હતો. એલિમિનેટર મેચ બાદ જે રીતે કાર્તિક તેના સાથી ખેલાડીઓને મળ્યો અને દર્શકોનું અભિવાદન કર્યુ, તે નક્કી થઈ ગયું છે કે હવે કાર્તિકની આઈપીએલ સફરનો અંત આવી ગયો છે.બુધવારે (22 મે) ના રોજ IPL 2024 એલિમિનેટરમાં RCB રાજસ્થાન સામે હારી ગયા પછી, અનુભવી વિકેટકીપર-બેટ્સમેન દિનેશ કાર્તિકે સંકેત આપ્યો કે આ તેની છેલ્લી IPL મેચ છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી પ્લેઓફ (એલિમિનેટર) મેચમાં રાજસ્થાન રોયલ્સ સામે હાર્યા બાદ, દિનેશ કાર્તિક વિશે લાઈવ ટીવી પર જાહેરાત કરવામાં આવી હતી કે તે તેની IPL સફર સમાપ્ત કરી રહ્યો છે. આ દરમ્યાન દિનેશ કાર્તિકે તેના કીપિંગ ગ્લવ્ઝ ઉતાર્યા, ચાહકોએ તાળીઓના ગડગડાટથી તેનું સ્વાગત કર્યુ. સ્ટેડિયમમાં ડીકે, ડીકેના નારા પણ લગાવવામાં આવ્યા હતા.રોવમેન પોવેલે એલિમિનેટર મેચમાં રાજસ્થાન માટે વિનિંગ રન બનાવતા જ 38 વર્ષીય દિનેશ કાર્તિકે વિરાટ કોહલીને ગળે લગાવ્યો હતો.

જો કે કાર્તિકે હજુ સુધી આઈપીએલમાંથી નિવૃત્તિની સત્તાવાર પુષ્ટિ કરી નથી, પરંતુ જિયો સિનેમા દ્વારા જાહેર કરવામાં આવેલા ફોટો અને આઈપીએલ દ્વારા જાહેર કરાયેલા વીડિયો પરથી માનવામાં આવે છે કે કાર્તિકે આઈપીએલમાંથી નિવૃત્તિ લઈ લીધી છે.અહીં ધ્યાનમાં રાખો કે કાર્તિકનું આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ એમએસ ધોની પહેલા થયું હતું. દિનેશ કાર્તિકે નવેમ્બર 2004માં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ડેબ્યુ કર્યુ હતું. તેણે 5 સપ્ટેમ્બર 2004ના રોજ લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ સામે તેની ODI ડેબ્યૂ કરી હતી. તેણે 1 ડિસેમ્બર 2006ના રોજ જોહાનિસબર્ગમાં દક્ષિણ આફ્રિકા સામે ટી20માં પ્રવેશ કર્યો હતો.ધોનીએ ડિસેમ્બર 2005માં ચેન્નાઈમાં શ્રીલંકા સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યુ હતું. ધોનીનું ODI ડેબ્યૂ ડિસેમ્બર 2004માં બાંગ્લાદેશ સામે ચટ્ટોગ્રામમાં થયું હતું. જોકે, ધોની અને ડીકેનું ટી-20 ડેબ્યૂ એ જ મેચમાં થયું હતું, જે દક્ષિણ આફ્રિકા સામે રમાઈ હતી.દિનેશ કાર્તિક પ્રારંભિક સિઝનથી જ આઈપીએલમાં રમનારા ખેલાડીઓમાં સામેલ છે. તેણે 257 મેચમાં 22 અડધી સદીની મદદથી 4842 રન બનાવ્યા છે. કાર્તિક IPLના ઈતિહાસમાં ટોપ 10 રન બનાવનારા ખેલાડીઓમાં સામેલ છે. આ સમયગાળા દરમિયાન કાર્તિકે 147 કેચ અને 37 સ્ટમ્પિંગ પણ કર્યા હતા.

# બળાત્કારના કેસમાં નિર્દોષ જાહેર થયેલા આ ક્રિકેટરની મુશ્કેલીઓ વધી

નવી દિલ્હી, તા.૨૩

તાજેતરમાં નેપાળ ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન સંદીપ લામિછાને માટે એક સારા સમાચાર સામે આવ્યા છે. નેપાળની પાટણ હાઈકોર્ટે તેને બળાત્કારના કેસમાં નિર્દોષ જાહેર કર્યો હતો. આ પછી, સંદીપ માટે ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં રમવાનો રસ્તો સાફ જણાતો હતો.પરંતુ હવે સંદીપની મુશ્કેલી ફરી વધી છે. આ વખતે તેને અમેરિકી દૂતાવાસ દ્વારા આંચકો લાગ્યો છે. વાસ્તવમાં, આ વખતે ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની યજમાની અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં થવાની છે. ટુર્નામેન્ટ ૨ જૂનથી શરૂ થશે.આ પહેલા પણ સંદીપને મોટો આંચકો લાગ્યો હતો. નેપાળમાં યુએસ એમ્બેસીએ તેને વિઝા આપવાનો ઈનકાર કરી દીધો છે. આવી સ્થિતિમાં સંદીપનું ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માંથી બહાર થવું લગભગ નિશ્ચિત છે. આ વાત સંદીપે પોતે એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આપી છે.સંદીપે લખ્યું, 'નેપાળમાં યુએસ એમ્બેસીએ ફરી મારી સાથે તે જ કર્યું જે તેઓએ ૨૦૧૯માં કર્યું હતું.

## NAME CHANGE

OLD NAME KAVA NISHANTKUMAR VASANTLAL. NEW NAME KAVA NISHANT VASANTLAL
ADDRESS
SHRINATHJI COMPLEX, UNA
DIST. JUNAGADH

# જૂનાગઢ જીલ્લામાં વિદેશી નાગરીકો, વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓની ઓનલાઇન નોંધણી કરવી ફરજિયાત

## આઈ.વી.એફ.આર.ટી પ્રોજેક્ટ હેઠળ હોટેલ, ગેસ્ટ હાઉસ, અતિથી ગૃહ સહિત યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા નિવાસોના સંચાલક-માલિકે વિદેશી નાગરિકોની ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે

જૂનાગઢ, તા.૨૩

હોટેલ, ગેસ્ટહાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથીગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડિંગ, ધર્મશાળા, મુસાફરખાના, યાત્રાળુંઓ માટે રહેવાની સુવિધા ધરાવતા યાત્રાળુ નિવાસો, ફાર્મહાઉસ, તથા રિસોર્ટ, પી.જી. સ્કુલો-કોલેજો, યુનિવર્સિટી અને હોસ્પિટલોમાં વિદેશી નાગરીકો જુદા-જુદા કારણસર આવી આ સ્થળોએ થોડો સમય રોકાણ કરી પરત જતા રહેતા હોઈ છે. તેઓએ ક્યાં ક્યાં સ્થળે જઈ ક્યાં રોકાણ કરેલ છે તેમજ તેમની મુલાકાતનુ સાચુ કારણ જાણી શકાય તેવી સચોટ તેમજ અસરકારક વ્યવસ્થા હાલમાં ઉપલબ્ધ નથી. વધુમાં આ તમામ સ્થળોએ તેઓની વિગત લાંબા સમય સુધી રાખવામાં આવતી નથી. સમાન પ્રકારે વિદેશી નાગરીકો આવા સ્થળોએ રોકાણ કરી જિલ્લા- રાજ્યની હોસ્પિટલોમાં તબીબી સારવાર લેતા હોઈ છે. તેમજ જુદી-જુદી કોલેજો અને યુનિવર્સિટીમાં પણ વિદેશી વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી અભ્યાસ કરતા હોઈ છે. આ બાબતનો લાભ કોઈ પણ આતંકવાદી કે રાષ્ટ્રદ્રોહી પ્રવૃતિમાં સંકળાયેલ તત્વો લઈ શકે તેમ છે. આતંકવાદી કે રાષ્ટ્રવિરોધી તત્વો દેશમા સંવેદનશીલ જગ્યાઓનો સર્વે કરી માહિતી લઈ દેશવિરોધી પ્રવૃતીઓમાં ઉપયોગ કરી શકે તેવી શક્યતા નકારી શકાય નહી. જેથી વિદેશી નાગરીકો ક્યાં કારણથી ભારત આવી ક્યાં ક્યાં સ્થળોએ મુલાકાત લીધેલ, રોકાણની વિગતો, ક્યાથી પરત ગયા, મુલાકાતનું સાચુ કારણ વગેરે વિગતો મેળવી શકાય તેમજ ગતીવિધી ઉપર નજર રાખી શકાય તે માટે ભારત સરકાસ દ્વારા આઈ.વી.એફ.આર.ટી.''(ઈમિગ્રેશન, વિઝા અને ફોરેનર્સ રજીસ્ટ્રેશન તથા ટ્રેકિંદ) પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટને દરેક દેશની એસમ્બલીઓ સાથે જોડી વિદેશી નાદરીકોની તમામ કાર્યવાહી સરકારશ્રી દ્વારા ઓનલાઈન કાર્યરત કરવામાં આવેલ છે. જેથી ઉક્ત સ્થળો ઉપર અમુક નિયંત્રણો મુકવા જરૂરી હોવાથી જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં ઉપરોક્ત સ્થળોએ વિદેશી નાગરીકો, વિદ્યાર્થીઓ કે, મુલાકાતી આવે ત્યારે આ પ્રોજેક્ટ હેઠળ ઓનલાઈન જોઈ શકાય તે માટે www. indianfrro. in. frroðuf, kRx ઉપર જરૂરી નોંધણી કરવા તથા આનુસંગિક સૂચનાઓની અમલવારી માટે અધિક નિવાસી કલેક્ટર શ્રી એન.એફ. ચૌધરીએ જાહેરનામુ બહાર પાડ્યું છે.

જાહેરનામા મુજબ આઈ.વી.એફ.આર.ટી. ‘‘(ઈમીગ્રેશન, વિઝા અને ફોરેનર્સ રજીસ્ટ્રેશન તથા ટ્રેકીંગ) પ્રોજેક્ટ હેઠળ હોટેલ, ગેસ્ટ હાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથી ગૃહ, વિશ્રામ ગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડિંગ, ધર્મશાળાઓ, મુસાફરખાનાઓ, યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા નિવાસો, ફાર્મ હાઉસ તથા રિસોર્ટ,પીજી સ્કુલો-કોલેજો, યુનિવર્સિટી અને હોસ્પિટલોના સંચાલક/ માલિક પ્રથમ www.i ndianfrro. gov.in/FormC વેબસાઈટ ઉપર રજીસ્ટર થયા તેનો યુજર આઈડી પાસવર્ડ જે તે સંસ્થા/માલિક તેમની પાસે રેકર્ડમાં રાખવાનું રહેશે તથા તેઓ રજીસ્ટર થયા તે અંગેની જાણકારી એસ.ઓ.જી. ઓફિસ, ઝાંઝરડા રોડ ખાતે મોકલી આપનાની રહેશે. જ્યારે જ્યારે વિદેશી નાગરીકો ઉક્ત સ્થળોએ આવે ત્યારે સંબંધિત સંસ્થા/ સંચાલક દ્વારા www. indianfrro. gob.in/ FormC વાબસાઈટ ઉપર જે તે સંસ્થા માલિક દ્વારા તેમની સંસ્થાને અગાઉ રજીસ્ટર કરવામાં આવેલ છે. તે યુજર આઈડી અને પાસવર્ડથી લોગઓન થઈ ફોર્મ-સી માં જે તે વિદેશી નાગરીકની તમામ સાચી વિગતો ભરી, ફોટો તેમજ અન્ય દસ્તાવેજ અપલોડ કરી માહિતી સેવ કરી તેની પ્રિંટઆઉટ કઢાવી અને તેમાં જરૂરી જે તે સંસ્થા/ માલિકના સહી સિક્કા કરી જે તે રેકર્ડમાં એક નકલ રાખવી અને ઓ.સી.જી. કચેરી, ઝાઝરડા રોડ જૂનાગઢ ખાતે માકલી આપવાની રહેશે.

જૂનાગઝ જિલ્લામાં આવેલ તમામ સ્કૂલો/કોલેજો, યુનિવર્સિટીઓમાં જ્યારે વિદેશી વિદ્યાર્થીઓ કે ફેકલ્ટી આવે ત્યારે સંબંધીત સંસ્થા/સંચાલકો દ્વારા www. indianfrro. gob. in/Form A વેબસાઈટ ઉપર જે તે સંસ્થા/ માલિક દ્વારા તેમની સંસ્થાને અગાઉ રજીસ્ટર કરવામાં આવેલ છે. તે યુજરઆઈડી અને પાસવર્ડથી લોગઓન થઈ ફોર્મ-એ માં જે તે વિદેશી વિદ્યાર્થીઓની તમામ સાચી વિગતો ભરી, ફોટો તેમજ અન્ય દસ્તાવેજ અપલોડ કરી, માહિતી સેવ કરી તેની પ્રિંટઆઉટ કઢાવી અને તેમાં જરૂરી જે તે સંસ્થા માલિકના સહિ સિક્કા કરી, જે તે સંસ્થાને રેકર્ડમાં એક નકલ રાખવી અને એક નકલ ઓ.સી.જી. કચેરા ઝાંઝરડા રોડ જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે.

અજાણ્યા વિદેશી વિઝીટર્સનું બુકિંગ કરીવનાર વ્યક્તિ, કંપની, સંસ્થા કે વેપારી પેઢી વગેરેના પુરા નામ સરનામાં ટેલિફોન નંબર સહીતના નક્કર અધિકૃત પુરાવા મેળવવાના રહેશે. વિદેશી મુસાફરો જે વાહનમાં આવેલ હોય તે વાહનનો પ્રકાર-મેન્યુફેકચર કંપનીનુ નામ, ટુ વ્હિલ- ફોર વ્હિલ રજીસ્ટર નંબરની નોંધ મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટરમા નોંધવાના રહેશે.

હોટલમાં આવનાર વિદેશી મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલિક એસ.ઓ.જી. શાખાના ટેલિફોન નં. ૦૨૮૫-૨૬૩૫૧૦૧ તથા મો.૭૫૭૫૦૬૧૧૦૧ અથવા સ્થાનિક પોલીસ અથવા તો પોલીસ કન્ટ્રોલ રૂમ, જૂનાગઢના ટેલિફોન નં.૦૨૮૫-૨૬૩૦૬૦૩ તથા મો.૯૫૧૨૨૧૧૧૦૦ પર જાણ કરવાની રહેશે. આ જાહેરનામુ તાત્કાલિક અસરથી તા.૦૧-૦૭-૨૦૨૪ સુધી અમલમાં રહેશે અને તેનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# જૂનાગઢમાં વોર્ડ નં.૬માં ભુગર્ભ ગટરના ફેસ-ર ની કામગીરીમાં બેદરકારી અંગે કમિશ્નરને રજૂઆત કરતા કોર્પોરેટર

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં.૬ના કોર્પોરેટર લલીતભાઈ પણસારા દ્વારા કમિશ્નરને એક પત્ર પાઠવી અને ભુર્ગભ ગટરના ફેસ -૨ની કામગીરીમાં બેદરકારી દાખવવામાં આવતી હોવાની ફરીયાદ વ્યકત કરી અને આ અંગે તત્કાલ ઘટતી કાર્યવાહી કરવા રજૂઆત કરી છે. કમિશ્નરને લખેલ પત્રમાં રજૂઆત કરતા લલીતભાઈ પણસારા એ વધુમાં જણાવ્યું હતું કે,

ભુર્ગભ ગટર ફેસ-૨નું કામ હાલ વોર્ડ નં.૬ના વિસ્તારોમાં ચાલી રહયું છે. ત્યારે આડેધડ કોર્પોરેટરને વિશ્વાસમાં લીધા વગર અને ફોન કે જાણ કર્યા વગર ગમે ત્યા રાતો રાત ગટરના કામો ચાલું કરી દેવામાં આવે છે. ગટરનું કામ કરવુ જરૂરી છે. પરંતુ એજન્સી પાસે પુરતો સ્ટાફ નથી અને સાઈડ ઉપર કોઈ સુપરવાઈઝર કે કોઈ જવાબદાર વ્યકિત હાજર રહેતા નથી. પાણીની લાઈનો જે તોડી નાખવામાં આવે છે. તે પણ સમયસર રીપેર નથી કરતા જેના લીધે લોકો ઉનાળામાં પાણી વગરના રહે છે. તેમની પાસે લાઈન રીપેરીંગ કરે તેવા પ્લમ્બર પણ નથી અવારનવાર ફોન કરવા છંતા સમયસર અને સીસ્ટમથી અને ટેન્ડર મુજબ જે કામગીરી થવાની હોય તે થતી નથી મુખ્ય ચેમ્બરો થયા બાદ પણ લોકોને હાઉસ કનેકશન આપવામાં આવતા નથી. જેના લીધે લોકોના ધરોનું ગંદુ પાણી મહીનાઓ સુધી રોડ ઉપર વહી રહે છે. અને હાઉસ કનેકશનમાં સ્ટોનવેર મોટાભાગના લીકેજ છે. જે બધા બદલી નવા યુ.પી.વી.સી. પાઈપોની નવી ચેમ્બરો સર્વે કરી બદલવી પણ જરૂરી છે. હાલ મુરલીધર સોસાયટીમાં જુની ગટરમાં પાઈપ નાખ્યા વગર ભુર્ગભ ગટરની ચેમ્બર બનાવાની તૈયારી ચાલી રહી છે. અને તે અટકાવવા અને કાયદેસરની ગટર બનાવવા આપ સાહેબ આદેશ કરો તેવી વિનંતી છે. અને એજન્સી એ વોર્ડ દિઠ આવતા કોર્પોરેટર ને જે જગ્યાએ કામ એક દિવસ અગાઉ મેસેજથી અથવા ટેલીફોનીક જાણ કરે જેથી વિસ્તારમા કોઈ ઈસ્યુના થાય અને એજન્સી પાસે પુરતો સ્ટાફ હોય તોજ આગળ ખોદાણ કરે અને જે સાઈડ ચાલુ હોય ત્યા પુર્ણ કરી પછી જ આગળ કાર્ય કરવું જેથી કરી તે વિસ્તારના રહેવાસીઓને સમસ્યાના ઉભી થાય તેનું ધ્યાન રાખવા અને આ અંગે યોગ્ય કાર્યવાહી કરવાની માંગણી વોર્ડ નં.૬ના કોર્પોરેટર લલીતભાઈ પણસારાએ કરી છે.

# બાળકોને લૂ લાગવાથી બચાવવા વિશેષ તકેદારીઓ રાખીએ

## નાના બાળકોને બપોરે ૧ થી ૭ વચ્ચે બહાર તડકામાં લઈ જવા નહીં

જૂનાગઢ તા.૨૩

હાલ ભારે ગરમીના લીધે લૂ લાગવાની શક્યતાઓ રહેલી હોય છે, ત્યારે ખાસ કરીને નાના બાળકોને લૂ લાગવાથી બચાવવા માટે વિશેષ તકેદારી રાખવી જરૂરી છે. આ માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જને ઉપયોગી સૂચનાઓ બહાર પાડી છે.

બાળકોને તાવ હોય તો માટલા જેટલા ઠંડા પાણીથી (બરફ જેવું ઠંડું નહીં) બાળકોને કપડાં ઢાંકીને ભીનો કરીને એમ જ સુકાવા દેવો. તે જ પાણીના પોતા મૂકવા અથવા ભીની ચાદર નીચે રાખવું. ગરમ પવન વાળી બારીઓ બંધ રાખવી. ઉપરાંત એ.સી. નું તાપમાન ૨૩-૨૫ ડિગ્રી રાખવું.

દવાખાને જવાની આવશ્યકતા ઉભી થાય તો સુતરાઉ કાપડથી ઢાંકીને જ લઈ જવું તેમજ ખુલ્લા વાહનમાં ન લઈ જવું. ઉપરાંત બાળકને માતાના ખોળામાં જ રાખવું અથવા માતાની કે કોઈની છાતી પર લગોલગ રાખવું.બાળક જો મોથી પીવાનું બંધ કરે તો દવાખાને જવું.

એક દવાખાનેથી બીજા દવાખાને જવાનું થાય તો પહેલાં પાણીથી ભીંજવી તાવ ઓછો કરીને જ બાળકને લઈ જવું.વધારે તાવ સાથે ભરબપોરે ગરમ પવન લાગે તેમ જવું નહીં.ઉપરાંત તાવની દવાવારંવાર ન આપતા એક જ વાર આપવી તેમજ તાવ ઉતારવા માટેનું ઈન્જેકશન આપવું નહીં.

બાળકને ધાવણ આપવાનુ ચાલુ જ રાખવું, ધાવણ વધારે આવે તે માટે માતાએ ખૂબ જ પાણી પીવું. આ સાથે બાળકને વધુ વખત છાતી પર લેવું.૬ માસથી મોટા બાળકને ધાવણ ઉપરાંત વધારે પ્રવાહી પણ પીવડાવવું જેમ કે, લીંબુ શરબત, નમક સાથે છાશ વગેરે.

ડીલીવરી પછી જ તરત જ સીજેરીયાનો કરેલ હોય તો પણ બાળકને સૂઈ ગયેલી માતાની છાતી પર આડુ મૂકીને ધાવણ શરૂ કરાવવું.બાળકને અલગ ઘોડિયામાં ન રાખવું તેમજ માતા કે કોઈ બીજી સ્ત્રી ના ખાટલા પર જ રાખવું જરૂરી છે.

# કેલ્ટેક્સ® લુબ્રિકન્ટ્સએ દિગ્ગજ ક્રિકેટર રવિન્દ્ર જાડેજાનાં હસ્તાક્ષર પોતાનાં બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કરાવાય

(પ્રતિનિધિ દ્વારા)

મુંબઈ, તા.૨૩

કેલટેકસ લુબ્રિકન્ટ્સને પોતાની બ્રાન્ડના એમ્બેસેડર તરીકે જાણીતા ભારતીય ક્રિકેટર રવિન્દ્ર જાડેજાની નિમણૂંકની જાહેરાત કરતાં આનંદ થાય છે. આ વ્યૂહાત્મક સમર્થન દ્વારા, બ્રાન્ડ પોતાની ટેગલાઈન, ‘કેલ્ટેકસયાની કમિટમેન્ટ’ને પ્રદર્શિત કરીને, સમગ્ર ભારતમાં કેલ્ટેકસ લુબ્રિકન્ટ્સની દશ્યાત્મક રજુઆત વધારવા હેતુ, ક્રિકેટની રમતમાં જાડેજાની લોકપ્રિયતાનો લાભ લેવા માંગે છે. કેલ્ટેકસ લુબ્રિકન્ટ્સને ભારતમાં એચપીસીએલ (HPCL) દ્વારા શેવરોન બ્રાન્ડ ઈન્ટરનેશનલ એલએલસી (LLC) સાથેના લાઈસન્સિંગ કરાર હેઠળ વેચાણ કરવામાં આવે છે. કેલ્ટેક્સની વારસાગત ઓળખ, વૈશ્વિક માન્યતા અને અદ્યતન ટેકનોલોજીની કામગીરી તેને વિશ્વની અગ્રણી તેલ અને ગેસ બ્રાન્ડોથી અલગ પહેચાન આપે છે.

રવિન્દ્ર જાડેજા તેમની અસાધારણ ઓન-ફીલ્ડ કુશળતા માટે જાણીતા છે અને ૨૦૨૩ ક્રિકેટ વર્લ્ડ કપ દરમિયાન તેઓ રમત કૌશલના શિખર પર હતાં. હવે, જાડેજા વાહનો અને મશીનરી માટેના ઉચ્ચ-ગુણવત્તાવાળા લ્યુબ્રિકન્ટ્સની મહત્વની ભૂમિકા પર ભાર મૂકતી અભિયાનોની શ્રેણીમાં અગ્રણી બનશે. માર્ક બાઉચેબલ, જનરલ મેનેજર, માર્કેટિંગ અને સેલ્સ સપોર્ટ, શેવરોન ઈન્ટરનેશનલ પ્રોડકટ્સ (IP)એ જણાવ્યું હતું કે, ‘‘અમે ભારતમાં કેલ્ટેકસ લુબ્રિકન્ટ્સ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે રવિન્દ્ર જાડેજાનું સ્વાગત કરવા માટે ઉત્સાહિત છીએ. રમત અને સફળતાની ગાથા પ્રત્યે તેમનો જુસ્સો અને સમર્પણ કેલ્ટેકસ બ્રાન્ડ દ્વારા સમર્થન આપેલા મૂલ્યો સાથે એકીકૃત રીતે સંરેખિત થાય છે." રવિન્દ્ર જાડેજાએ પાર્ટનરશિપ વિશે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "હું કેલ્ટેકસ સાથે જોડાઈને ઉત્સાહિત છું, એક એવી બ્રાન્ડ સાથે જે પોતાની પ્રતિબદ્ધતા અને સર્વાંગી ક્ષમતાઓ દર્શાવે છે. હું કેલ્ટેકસ લુબ્રિકન્ટ્સ અને તેમના અજોડ પ્રદર્શન માટે માન્યતા પ્રાપ્ત કરવા માટે આતુર છું, અને હું ગ્રાહકોને તેમના વાહનો માટે યોગ્ય પસંદગી કરવા માટે પ્રોત્સાહિત કરીશ.".

# ગીર સોમનાથના ૪૩ ગામોમાં ટેન્કર મારફત નિયમિત પાણી પહોંચાડવા તંત્રએ વ્યવસ્થા ગોઠવી

## જીલ્લા પાણી સમિતિની સમીક્ષા બેઠકમાં રજુ થયેલ વિગતોના આધારે જીલ્લા કલેકટરે પ્રજાને હેરાનગતિ ન થાય તે હેતુસર આગોતરૂ આયોજન કર્યુ






(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

ગીર સોમનાથ જીલ્લામાં એક તરફ ઉનાળાના કાળઝાળ તડકા પડી રહ્યા છે તો બીજી તરફ જમીનમાં પાણીના તળ પણ નીચા ગયા છે. જેના પગલે પીવાના પાણીની તંગી સર્જાઈ રહી છે. ત્યારે નાગરીકોને પીવાના પાણીની અગવડતા ન પડે તે માટે વહીવટી તંત્ર દ્વારા પણ આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જિલ્લાના ચાર તાલુકાના ૪૩ ગામોમાં યુદ્ધના ધોરણે ટેક્રરો દ્વારા લોકોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. કારણ કે, જીલ્લાના સમુદ્ર કિનારાના સુત્રાપાડા અને વેરાવળ સહિતના તાલુકાના અનેક ગામોમાં પીવાના પાણીની દર ઉનાળે સમસ્યા સર્જાતી હોય છે ત્યારે લોકોને પીવાના પાણીથી વંચિત ન રહેવું પડે તે માટે જિલ્લા કલેકટર દિગ્વિજયસીહ જાડેજા દ્વારા ખાસ તકેદારીના ભાગરૂપે જિલ્લા પાણી સમિતિમાં ગ્રામ્ય કક્ષાનો ચિતાર મેળવી પ્રજાને ટેક્રર મારફતે પીવાનું પાણી પૂરૂ પાડવા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ અંગે માહિતી આપતા અધિક કલેક્ટર રાજેશ આલે જણાવ્યું હતુ કે, જિલ્લાની પાણી સમિતિની સમીક્ષા બેઠકમાં રજૂ થયેલા જરૂરીયાતવાળા ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ૧૦ ગામો, તાલાલા તાલુકાના ૯ ગામો, સુત્રાપાડા તાલુકાના ૨૨ ગામો, ગીરગઢડા તાલુકાના ૨ ગામોમાં ટેક્રર મારફતે લોકો સુધી પીવાનું પાણી પહોંચાડવા માટે તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ગામોમાં ઉનાળા દરમ્યાન નાગરીકોને પાણી બાબતે હેરાનગતિ ન થાય તેનું ધ્યાન રાખવા સુચના આપવામાં આવી છે.

# અંબીકા ચોક યુવક મંડળના પ્રમુખ જે.ડી. વાઘેલાનું અવસાન : આજે પ્રાર્થના સભા



જૂનાગઢ, તા.૨૩

અંબીકા ચોક યુવક મંડળના પ્રમુખ અને જે.ડી. વાઘેલાના હુલામણા નામથી ઓળખાતા જયેશ (જે.ડી.) દિલસુખભાઈ વાઘેલાનું ગત તા.૨૧/૫/૨૦૨૪ના રોજ હાર્ટએટેકથી અવસાન થતા ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. જૂનાગઢના નિવાસી ગ.સ્વ.વૈશાલીબોનના પતિ સ્વ.જયેશભાઈ (જે.ડી.) દિલસુખભાઈ વાઘેલા તે મનસુખભાઈ ડી.વાઘેલાના નાના ભાઈ તથા ભાનુબેન કાંતિલાલ પરમાર (જૂનાગઢ) સ્વ.સવિતાબેન રમેશભાઈ કવા (દાત્રાણા વાળા), હંસાબેન રાજુભાઈ ચીત્રોડા (ઉપલેટા), સ્વ.ઉષાબેન અશોકભાઈ હરસોડા (વંથલી), જોસનાબેન કાન્તીલાલ દાવડા (રાજકોટ), વર્ષાબેન રાજેશભાઈ પીઠવા (ગોંડલ), જયશ્રીબેન રમેશભાઈ મકવાણા (રાજકોટ) વાળાના નાના ભાઈ (ઉ.વ.૫૦)નું તા.૨૧/૫/૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે તેઓની પ્રાર્થના સભા આજ તા.૨૩/૫/૨૦૨૪ ગુરૂવારે સાંજે ૫ થી ૭ કલાકે અંબીકા મંદિર, અંબીકા ચોક જૂનાગઢ ખાતે રાખેલ છે.

# ઉનામાં રાહત દરે નોટ બુક વિતરણનો પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૩

ઊના શહેરમા કન્યા વિદ્યાલય સામે આવેલ ધી. વેરાવળ મર્કનટાઈલ બેન્ક નીચે આવેલ દુકાનમાં તા.૨૩/૫/ને ગુરૂવારરથી જન સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત માં ભગવતી ગૌસેવા આશ્રમના લાભાર્થે નોટ બુકનું રાહત દરે વિતરણ સવારે ૧૦થી ૧ અને સાંજે ૫ થી ૭ સુધી વિતરણ કરવામાં આવશે તો વિદ્યાર્થીઓ અને વાલીઓએ લાભ લેવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# બદ્રીનાથ- કેદારનાથની યાત્રાપૂર્ણ કરી સુખરૂપ આવતા ભાવિકોનું સ્વાગત કરાયું



(પ્રતિનિધિ દ્વારા) ઉના, તા.૨૩

ઉના તાલુકાના દેલવાડા ગામના કોળી સમાજના લોકો બદ્રીનાથ કેદારનાથ ની કઠિન યાત્રા પૂર્ણ કરી દેલવાડા સુખરૂપ આવી પહોંચતા ગ્રામ જનોએ ફૂલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ભાણવડના રાણપર ગામેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૩

ભાણવડ તાબેના રાણપર ગામે સ્થાનિક પી.એસ.આઈ. એમ.આર. સવસેટા તથા એન.એન. વાળાની સૂચનાથી સ્થાનિક પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન કાના ઉર્ફે કનુ દાનાભાઈ શામળા નામના ૩૫ વર્ષના રબારી શખ્સના રહેણાંક મકાનમાં દરોડો પાડી, આ સ્થળેથી રૂ. ૯,૨૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૨૩ બોટલ કબજે કરી, આરોપી કાના ઉર્ફે કનુ રબારીની અટકાયત કરી હતી. આ પ્રકરણમાં રાણપર ગામના અરજણ આલા રબારીનું નામ ફરારી તરીકે જાહેર થયું છે.



આ દરોડો એ.એસ.આઈ. ગીરીશભાઈ ગોજીયા અને કિશોરસિંહ જાડેજાની બાતમી પરથી પાડવામાં આવ્યો હતો.

C M Y K

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# મતોનું રાજકારણ રાષ્ટ્રવાદ માટે ગંભીર ખતરો

આ વખતની લોકસભા ચૂંટણીમાં રાષ્ટ્રવાદની ખૂબ ચર્ચા ચાલી રહી છે. રાષ્ટ્રપ્રેમની ભાવના એક સહજ ભાવના છે. તે કોઈ પાર્ટીની માન્યતાઓ કે સિધ્ધાંતોથી પેદા નથી થતી. હા, એવું થઈ શકે કે કોઈ પાર્ટીમાં એવા લોકોની સંખ્યા વધારે હોય, જે રાષ્ટ્રને સર્વોપરિ માનતા હોય. તેના પ્રત્યે રાગાત્મક ભાવ રાખતા હોય. એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે કોઈપણ એવી રાષ્ટ્રવાદી પાર્ટીનું સમર્થન કરવાથી જ રાષ્ટ્રવાદી નથી બની જવાતું, પરંતુ વ્યક્તિની અંદર પોતાના દેશ, તેના પ્રાકૃતિક પરિવેશ, સાંસ્કૃતિક અને પારંપરિક માન્યતાઓ, ભૌગોલિક સીમાઓ, ઈતિહાસ, સાહિત્ય, કલા વગેરે પ્રત્યે એક સ્વાભાવિક પ્રેમ અને નિષ્ઠા વારસામાં પ્રાપ્ત થાય છે. ખેતરમાં અન્ન ઉપજાવતો અને રાષ્ટ્રના લોકોને ભોજન પૂરું પાડતો ખેડૂત એટલો જ રાષ્ટ્રવાદી છે જેટલ સીમા પર સુરક્ષા માટે દરેક પરિસ્થિતિમાં ઊભેલો આપણો ભારતીય સૈનિક રાષ્ટ્રપ્રેમી હોય છે. એ અતિશય રાષ્ટ્રવાદની ભાવના જ હતી જેણે અગણિત બલિદાનો અને મુશ્કેલ સંઘર્ષો બાદ ભારતને અંગ્રેજી ગુલામીથી મુક્તિ અપાવી. નિઃસંદેહ એ સમયે ભારત નાનાં-નાનાં રાજ્યો અને રજવાડાંમાં વહેંચાયેલું હતું, પરંતુ સ્વાધીનતા સંગ્રામમાં બધા એક થઈ ગયા હતા. આ એક્તાની ભઆવના જ રાષ્ટ્રવાદની ભાવના હતી. આ રાષ્ટ્રવાદનું જ પરિણામ હતું કે ભારત એક રાષ્ટ્ર રૂપે વિશ્વ સામે ફરીથી ટટ્ટાર ઊભું થયું. તે નિરંતર સફળતા અને પ્રગતિના પથ પર અગ્રેસર પણ છે.

કેટલાક લોકો રાષ્ટ્રવાદને અતિ રાષ્ટ્રવાદની સીમા સુધી લઈ જઈને ટીકા કરવાની કોશિશ કરે છે. જ્યારે અતિ રાષ્ટ્રવાદનો મતલબ જ એ વાતમાં સમાયેલો છે કે કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓનો સમૂહ પોતાના રાષ્ટ્રને સર્વોચ્ચ માનવા લાગે છે. તેને પોતાના દેશ, ત્યાંના નાગરિકો, ઈતિહાસ, સંસ્કૃતિ, પરિવેશ અને ભૂખંડને લઈને અત્યધિક ગર્વની અનુભૂતિ થાય છે અને તે એના પર કોઈપણ પ્રકારનો આઘાત સહન નથી કરી શતો. તેને સ્થૂળ રૂપે અતિ રાષ્ટ્રવાદ કહી શકાય, પરંતુ આ જ રાષ્ટ્રવાદને પોતાની રીતે પરિભાષિત કરનારા કમ્યુનિસ્ટ વિચારકો, લેખકો વગેરેના વિચારો અલગ જ હોય છે. તેઓ જર્મન આપખુદ એડોલ્ફ હિટલરથી શરૂ કરીને પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સુધીની નીતિઓને અતિ રાષ્ટ્રવાદની સંજ્ઞા આપે છે અને તેને માનવતા માટે ઘાતક ગણાવે છે. તેમના અનુસાર અતિ રાષ્ટ્રવાદ કોઈ દેશની સરકારને અધિનાયકવાદી બનાવી દે છે. તેમનું માનવું છે કે સાંસ્કૃતિક એકરૂપતાના આહ્વાન વચ્ચે આપણે આજે અતિ રાષ્ટ્રવાદના સમયમાં જીવી રહ્યા છીએ, જ્યાં સ્વઘોષિત રાષ્ટ્રવાદીઓ અને એક સંસ્કૃતિનો ઉન્માદ સામાજિક બનાવટને ટુકડામાં વહેંચવાનો ખતરો પેદા કરી રહ્યા છે. તેઓ એમ પણ માને છે કે આ અતિ રાષ્ટ્રવાદ વૈશ્વિક ચલણમાં આવી ગયો છે. ટ્રમ્પથી માંડીને બ્રેક્ઝિટ અને યુરોપના મોટાભાગના અતિવાદી દક્ષિણપંથી સમૂહ બીજાઓ પ્રત્યે ઘૃણાને ઉત્તેજન આપી રહ્યા છે, આ અતિ રાષ્ટ્રવાદીઓએ મુસલમાનો, ડાબેરીઓને પોતાના શત્રુ માની લીધા છે. તેઓ એમ પણ કહે છે કે પાછલી સદીના નવમા દાયકા સુધી ભારતમાં રાષ્ટ્રવાદ ઉન્માદ રહિત હત. તે ના તો આક્રમક હતો કે ના વિરોધાત્મક.

સવાલ એ છે કે શું રાષ્ટ્ર માત્ર એ લોકો સુધી સીમિત છે, જેમના વિશે આ ચિંતકો ચિંતા કરીને દુબળા થઈ રહ્યા છે? રાષ્ટ્રવાદની આ પરિકલ્પનામાં સમસ્ત ઉત્તેજના રાજનેતાઓ કે તેમના પ્રશંસકોની આસપાસ જ ફરતી દેખાય છે. તેમાં એ કરોડો લોકોનાં દર્શન નથી થતાં, જેમને કારણે આ દેશ સાંસ્કૃતિક છે, ધાર્મિક છે, દાર્શનિક છે, સામાજિક છે અને ઈતિહાસથી પણ વધુ ઐતિહાસિક છે. રાષ્ટ્રવાદ એક ભાવના છે, રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ છે. ભારતની ભીતર અને બહાર પણ રાષ્ટ્રને તોડવાની કોશિશ કરનારી અલગતાવાદી તાકાતો સદાથી સક્રિય રહી છે. બાહ્ય શત્રુઓની સાથે સાથે ભારતને પોતાના આંતરિક શત્રુઓ સામે પણ લડાઈ લડવી પડી, પરંતુ ભારતમાં અંધારા સામે ઝઝૂમવાનો સંકલ્પ બહુ જૂનો છે. અહીં સૂરજ ઢળતાં જ દીપ પ્રજ્વલિત કરીને ઘરની બહાર મૂકવાની પરંપરા રહી છે. સહઅસ્તિત્વ ભારતની મુખ્ય સાંસ્કૃતિક ચેતના રહી છે, જેણે તેને સહિષ્ણુ અને ઉદાર બનાવ્યું. તેથી ભારત તમામ પ્રકારના વિચારોને મહત્ત્વ આપે છે. તેના દર્શનમાં આસ્તિકતાવાદી પણ છે તો ચાર્વાક જેવા ભોગવાદી કે નાસ્તિકતાવાદી પણ ભારતીય દર્શન જ કહેવાય છે. સંકટ ત્યારે ઊભું થાય છે જ્યારે આક્રમણખોરો સહિષ્ણુ સંસ્કૃતિનાં મૂળિયાં પર પ્રહાર કરે છે. ત્યાં જ સાવધાન થઈ જવા જેવું છે. આ સાવધાન થવાની પ્રક્રિયાને જ ક્યારેક આ પ્રકારના છદ્મ વિચારકો નકારાત્મક અર્થોમાં અતિ રાષ્ટ્રવાદની સંજ્ઞા આપે છે. ભારતીય સંસ્કૃતિ મરણધર્મા સંસ્કૃતિ નથી. અહીંના લોકો અમૃતપથના યાત્રી છે. ચેતનાના સતત ઉર્ધ્વારોહણ પ્રત્યે સમર્પિત છે. પશ્ચિમની જેમ પ્રકૃતિને જીતવાની ગાંડપણની ભાષા ભારત નથી બોલતું. તેના માટે પોતાના ભૂખંડના દરેક પ્રાકૃતિક પદાર્થ-નદી, ઝાડ, પહાડ, જીવ-જંતુ, વાદળ અને અગ્દ્ધિ વગેરે તમામ પૂજનીય છે. તેમની સાથે પૂરી સતર્કતા અને સતત સજાગતા સાથે તે જગતના ધર્મનો પણ નિર્વાહ કરે છે. આપાત સ્થિતિમાં આત્મરક્ષા માટે શૌર્યના ધર્મનું પાલન પણ કરે છે. પ્રાણી માત્રને આવકારવું, સ્નેહ આપવો આપણો ભારતીય ધર્મ છે તો ત્યાં આ રાષ્ટ્રપ્રેમ આપણને કોઈપણ ષડયંત્રથી સાવધાન રહેવાની શિક્ષા પણ આપે છે. ક્યાંક આપણા પ્રમાદનો લાભ ઉઠાવીને આપણો જ કોઈ મિત્ર આપણા ઘર-પરિવાર પર આધિપત્ય ન જમાવી દે. વોટબેંકની રાજનીતિએ ભારતના સાંસ્કૃતિક આત્મા પર જેટલા પ્રહાર કર્યા છે, એનાથી સાવધાન રહેવાની જરૂર છે. આ પ્રકારે ભારતની ઓળખ અને અસ્મિતા પ્રત્યે જાગૃતિની ભાવના જ વાસ્તવમાં રાષ્ટ્રવાદ છે, જેને જગાડવાનું કામ આ ચૂંટણીમાં કરવું જોઈએ.

### ગરમીના કારણે ઝાડવા પર બેઠેલા ચામાચિડીયા ટપોટપ પડ્યા

# હિલોલ ગામમાં ગરમીના કારણે ૨૦૦ જેટલા ચામાચિડીયાના મોત થયા

## ગરમીના કારણે માત્ર માણસો જ નહીં પરંતુ જીવસૃષ્ટિના પશુ-પક્ષીઓ પણ પરેશાન છે

ગાંધીનગર,તા.૨૩

ગુજરાતમાં સતત ગરમીનો પારો વધી રહ્યો છે. તાપમાનનો પારો ૪૫ ને પાર જતા હીટવેવની અસરને કારણે સંખ્યાબંધ લોકોની તબીયત બગડી રહી છે. તો કેટલાક લોકોને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

આવામાં ગરમીના કારણે માત્ર માણસો જ નહીં પરંતુ જીવસૃષ્ટિના પશુ-પક્ષીઓ પણ પરેશાન છે. દરમિયાન ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના હિલોલ ગામમાં ગરમીના કારણે વડના ઝાડ પરથી પડીને ૨૦૦ જેટલા ચામાચિડીયાના મોત થયા હોવાના અહેવાલ છે. જાણવા મળી રહ્યું છે કે એક એક કરીને ટપોટપ ચામાચિડીયા નીચે પટકાઈ રહ્યા છે. આ ઘટનાની જાણ થતાં અમદાવાદના પશુ પ્રેમીઓએ પણ દહેગામ ફાયર બ્રિગેડની મદદથી વડના વૃક્ષો પર પાણીનો છંટકાવ કર્યો હતો જેથી અન્ય ચામાચીડિયાને ગરમીથી રાહત મળી શકે.

છેલ્લા બે દિવસમાં ગરમીના કારણે દહેગામના હિલોલ ગામની સીમમાં આવેલા વિશાળ વડના વૃક્ષ પરથી ૨૦૦ જેટલા ચામાચિડીયા પડી ગયા છે. આ ઘટનાની માહિતી મળતા અમદાવાદના જીવ દયા પ્રેમી ગ્રુપના સભ્યો હિલોલ પહોંચ્યા હતા. દહેગામ ફાયર બ્રિગેડની મદદથી વૃક્ષો પર પાણીનો છંટકાવ કરી બચી ગયેલા પક્ષીઓને ગરમીમાંથી રાહત અપાઈ હતી.


૪૫ ડિગ્રીની ગરમીમાં હિટસ્ટ્રોકના કારણે પક્ષીઓના મોત થયા હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. દહેગામના હિલોલ ગામમાં આવેલા શિવપુરામાં રોડની બાજુમાં એક વડનું ઝાડ છે. અહીં સેંકડો ચામાચિડીયા રહે છે. ચામાચિડીયા, જે ફક્ત રાત્રે જ દેખાય છે, તે દિવસ દરમિયાન ઝાડની ડાળીઓ પર ઊંધા લટકે છે. જોકે છેલ્લા બે દિવસથી પડી રહેલી અસહ્ય ગરમીનો શિકાર ચામાચિડીયાઓ બન્યા છે. જેના કારણે ચામાચિડીયા નીચે પડીને મૃત્યુ પામ્યા છે.

આ અંગેની માહિતી મળતા હિલોલ ગામના વન્યજીવ પ્રેમીએ ગ્રુપના અન્ય સભ્યોને બોલાવ્યા હતા. બાદમાં મૃત ચામાચિડીયાનો નિકાલ કરવામાં આવ્યો હતો. ગરમીના કારણે વૃક્ષો પર રહેતા અન્ય ચામાચિડીયાને રાહત આપવા માટે સર્વાઈવલ ટીમે દહેગામ ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર ઓફિસર સૂર્યદયસિંહ સ્ટાફ સાથે હિલોલ પહોંચી ગયા હતા. અને વડના વૃક્ષો પર પાણીનો છંટકાવ કર્યો.

### કેડી હોસ્પિટલ ખાતે પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો

# બોલિવૂડ એક્ટર શાહરૂખ ખાનને લૂ લાગી જતા KD હોસ્પિટલ લઈ જવામાં આવ્યો

## પ્રાથમિક સારવાર બાદ કિંગ ખાનને રજા આપવામાં આવી હતી



અમદાવાદ,તા.૨૩

હાલમાં IPL ૨૦૨૪ ચાલી રહી છે આ દરમ્યાન અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મંગળવારે IPLની મેચ યોજાઈ હતી. કોલકાતા હાલની સિઝનમાં સારું પ્રદર્શ કરી રહી છે. ત્યારે KKR અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે ક્વોલિફાયર મેચ રમાઈ હતી. બોલિવૂડના કિંગ ખાન પોતાની ટીમ KKRને સપોર્ટ કરવા સોમવારે અમદાવાદ આવ્યા હતા.

આ દરમ્યાન તેઓ અમદાવાદના ગ્રાઉન્ડ પર પણ ફર્યા હતા. બોલિવૂડ એક્ટર શાહરૂખ ખાનને લૂ લાગી જતા આજે બપોરે KD હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જો કે, પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમને રજા આપવામાં આવી હતી.શાહરૂખ ખાન છેલ્લા બે દિવસથી અમદાવાદમાં છે. ગઈકાલે કોલકાતા નાઈટ રાઈડર્સની મેચ યોજાયા બાદ મોડી રાત્રે શાહરૂખ ખાન વસ્ત્રાપુર ખાતે આવેલી આઈટીસી નર્મદા હોટલ ખાતે પરત ફર્યા હતા. જે બાદ સવારે શાહરૂખ ખાનની તબિયત બગડતા તેને કેડી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.શાહરૂખને હોસ્પિટલમાં લઈ જવામાં આવતા કેડી હોસ્પિટલ ખાતે પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. જ્યાં હેલ્થ ચેકઅપ કરતા તેમને ડીહાઈડ્રેશન હોવાની જાણ થઈ હતી. લગભગ બપોરના ૧ વાગ્યા દરમિયાન તેને હોસ્પિટલ ખાતે સારવાર અપાયા બાદ તે હોટલ પર પરત ફર્યા હતા.

અમદાવાદમાં કોલકાતા ટીમ સોમવારે આવી હતી. ટીમ એરપોર્ટ પરથી સીધી જ વસ્ત્રાપુર ખાતે આવેલી આઈટીસી નર્મદા હોટલ પર પહોંચી હતી. હોટલમાં પ્રવેશ કરતાની સાથે જ ટીમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે થોડીવાર બાદ શાહરૂખ ખાન પણ હોટલ પર પહોંચ્યા હતા.

# પડધરીમાં એક જ પરિવારના ત્રણ સભ્યોએ રિક્ષામાં ઝેરી દવા પીને સામૂહિક આપઘાત કર્યો

## આર્થિક તંગી અને બીમારીના કારણે પગલું ભર્યું હોવાનો ઉલ્લેખ કરાયો છે

રાજકોટ,તા.૨૩

રાજકોટના પડધરીમાં એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. રાજકોટના ભગવતીપરામાં રહેતા એક જ પરિવારના ત્રણ સભ્યોએ આજે(૨૨ મે) પડધરીના મોટા રામપર ગામ નજીક સામૂહિક આપઘાત કર્યો છે. પરિવારના ત્રણ સભ્ય માતા-પિતા અને પુત્રએ રિક્ષામાં બેસીને ઝેરી દવા પીને આપઘાત કર્યો છે. ઘટનાની જાણ થતાં પડધરી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. આ દરમિયાન તપાસ કરતા તેમની પાસેથી સ્યુસાઈડ નોટ પણ મળી આવી હતી. જેમાં આર્થિક તંગી અને બીમારીના કારણે પગલું ભર્યું હોવાનો ઉલ્લેખ કરાયો છે.

પડધરી નજીકના મોટા રામપરા ગામે સરકારી જમીનમાં GJ-૦૩-BX-૨૮૫ નંબરની CNG રિક્ષામાં એક મહિલા અને બે પુરૂષ બેભાન હાલતમાં હોવાની જાણ પોલીસને કરવામાં આવી હતી. ત્યારબાદ તાત્કાલિક પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ૧૦૮ને જાણ કરી હતી. આ દરમિયાન ૧૦૮ના સ્ટાફે ત્રણેય લોકોને મૃત જાહેર કર્યા હતા. ત્યારબાદ પોલીસે મૃતકોના મોબાઈલ અને રિક્ષા નંબરના આધારે ઓળખ કરી હતી. તો રિક્ષા જસદણ તાલુકાના ટેટૂંકી ગામના સુરેશભાઈ સાકરીયા નામના યુવાનની હોવાનું જાણવા મળ્યું છે.

મૃતકોના નામ

- કાદરભાઈ મુકાસમ (પતિ) (ઉ.વ.૬૨)
- ફરીદા મુકાસમ (પત્ની)
- આસીફ મુકાસમ (પુત્ર) (ઉ.વ.૩૫)

પોલીસે મૃતકના મોબાઈલ નંબરના આધારે મૃતકોના પરિવારજનોનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ તેના પરિવારજનો સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. પરિવારે આર્થિક તંગી અને બીમારીના કારણે આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક અનુમાન છે. હાલ ત્રણેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. ત્યારબાદ મોતનું ચોક્કસ કારણ જાણવા મળશે.

# રાજકોટમાં રૂા.૧૦નો સિક્કો ન સ્વીકારાતા કલેકટરે બહાર પાડ્યું ફરમાન

## તમામ બેંકોમાં રૂા. ૧૦ના સિક્કા જમા કરાવી શકાય છે તેમ કલેકટરએ લોકોને વિશ્વાસ આપતાં જણાવ્યું હતું

રાજકોટ,તા.૨૩

રાજકોટ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી રૂા. ૧૦ નો સિક્કો માન્ય હોવા છતાં વ્યવહારમાં તેનો ખાસ ઉપયોગ કરાતો નથી. બીજીતરફ ગ્રાહકો, વ્યાપારીઓ તેમજ બેન્કર્સને રૂા. ૧૦ના સિક્કાને લઈને પડતી મુશ્કેલીના નિવારણ અર્થે જિલ્લા કલેકટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં રાજકોટની નેશનલ અને ખાનગી બેંકના અધિકારીઓ સાથે એક બેઠક યોજાઈ હતી.

જેમાં કલેકટર પ્રભવ જોશીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે રૂપિયા દસનો સિક્કો ભારત સરકાર અને આર.બી.આઈ. દ્વારા માન્યતા પ્રાપ્ત ચલણ છે. જેનો વ્યવહાર કાયદેસર છે. જેથી કરીને લોકો, વ્યાપારીઓ નિઃસંકોચપણે ચલણમાં તેનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરે તે ઈચ્છનીય છે તેમજ બેંક પણ રૂા. ૧૦ના સિક્કાનો અસ્વીકાર કરી શકે નહીં. તમામ બેંકોમાં રૂા. ૧૦ના સિક્કા જમા કરાવી શકાય છે તેમ કલેકટરએ લોકોને વિશ્વાસ આપતાં જણાવ્યું હતું.

આ બાબતે કલેકકટરે સંપૂર્ણ સહકાર આપવા બેંકના અધિકારીઓને જણાવ્યું હતું. બેંકના અધિકારીઓના જણાવ્યા મુજબ રૂા. ૧૦ના સિક્કા બેંક દ્વારા હાલ ચલણમાં છે જ તેમ જ વ્યાપારી બેંકોમા રૂા. ૧૦ના સિક્કા જમા કરાવી શકે છે. રૂા. ૧૦નો સિક્કો વ્યાપક પ્રમાણમાં વ્યવહારમાં આવતાં છુટ્ટા રૂપિયાની સમસ્યા પણ હલ થઈ જશે તેમ કલેકટરે કહ્યું હતું. ઉપરાંત રૂા. ૧૦ ના સિક્કાનું સર્ક્યુલેશન વધે તેના માટે લોકોને રોજીંદા વ્યવહારમાં તેનો વધુ ઉપયોગ કરવા અપીલ કરી છે.

રૂા. ૧૦નો સિક્કો કાયદેસરનું ચલણ – રોજીંદા વ્યવહારમાં સિક્કાની લેણ-દેણ વ્યાપક બનાવવા કલેકટર પ્રભવ જોશીએ અપીલ કરી હતી. વ્યાપારીઓને શોપ પર રૂા. ૧૦ના સિક્કા સ્વીકારીએ છીએ તે પ્રકારે સ્ટીકર લગાવવવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત તમામ વેપારીઓ બેંકોમાં રૂા. ૧૦ ના સિક્કા જમા કરાવી શકે છે અને પૂરતા પ્રમાણમાં સ્ટોક ઉપલબ્ધ છે. એમ તેમણે કહ્યું હતું.તે સિવાય પાંચ રૂપિયાની નોટ પણ કોઈ સ્વીકારતું નથી તો તેનું પણ બોર્ડ લગાવવું જરૂરી છે અને દરેક લોકો પાંચ રૂપિયાની નોટ સ્વીકારે તે સૂચના આપવી જરૂરી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઋણ સમાન કોઈ દુઃખ નથી.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૧૫ વ્રતની પૂનમ, વૈશાખી પૂર્ણિમા, વૈશાખ સ્નાન સમાપ્ત, ભગવાન શ્રી કુર્મ જયંતિ, ભગવાન શ્રી બુધ્ધ પૂર્ણિમા તા.૨૩ મે ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૧૪, વિશાખા નક્ષત્ર, પરિઘ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૨૮

આજનો દિવસ સવારે ૯:૧૪ ક.થી શુભ છે

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ ગૃહવિવાદના ભોગ બનવું પડે. ગુપ્ત ચિંતા સતાવે.
વૃષભઃકાર્યબોજમાં હળવાશ અનુભવાય. નવિન આયોજનોમાં સફળતા મળે.
મિથુનઃધંધા-વ્યવસાયિક કામમાં લાભ રહે. આવકમાં વૃધ્ધિ થાય.
કર્કઃ માનસિક આનંદ-ઉત્સાહ વિશેષ રહે. નવિન મુલાકાત બર આવે.
સિંહઃ વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. ધારેલા કાર્યો પૂર્ણ થાય.
કન્યાઃ અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. દાન-ધર્મ પાછળ ધન વ્યય થાય.
તુલાઃ પરણેલાઓને સાસરા પક્ષ તરફથી લાભ થાય. યશ, માન, કીર્તિમાં વધારો થાય.
વૃશ્ચિકઃવિરોધીઓને પીછેહટ કરવી પડે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
ધનઃ વ્યર્થ દોડા-દોડી રહે. નવું સાહસ ન કરવું હિતાવહ.
મકરઃ માંગલિક કાર્યોનું આયોજન થાય. મિલન-મુલાકાતમાં સફળતા મળે.
કુંભઃ આકસ્મીક ધન લાભ થાય. વાણીચાતુર્યથી કામ સફળ થાય.
મીનઃ વડીલ વર્ગ કે ઉપરી અધિકારી વર્ગથી લાભ મળે. નવિન યોજનાઓ પાર પડે.

# બાંધકામ શ્રમિકોને અસહ્ય ગરમીને પગલે વિશ્રામનો સમય ફાળવવા સુચના

## ઉનાળાની સિઝનમાં અવારનવાર પડતી અતિશય ગરમીના કારણોસર લૂ લાગવી કે અન્ય સ્વાસ્થ્ય સંબંધિત જોખમો સામે રક્ષા મળે તે જરૂરી છે

ગાંધીનગર,તા.૨૩

ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ),એક્ટ (કન્ડીશન્સ ઓફ સર્વીસ૧૯૯૬ હેઠળની બાંધકામ સાઈટમાં મકાન અને અન્ય બાંધકામની કામગીરીમાં રોકાયેલ બાંધકામ શ્રમિકોને પ્રવર્તમાન ઉનાળાની સિઝનમાં અવારનવાર પડતી અતિશય ગરમીના કારણોસર લૂ લાગવી કે અન્ય સ્વાસ્થ્ય સંબંધિત જોખમો સામે રક્ષા મળે તે જરૂરી છે.

આ હેતુસર બપોરે ૧:૦૦ થી ૪:૦૦ના સમયગાળા દરમ્યાન ખુલ્લી જગ્યા કે જ્યાં સૂર્યના તાપની સીધી અસર પડે તેવી જગ્યાએ તમામ બાંધકામ પ્રવૃતિ કરાવનાર બિલ્ડર્સ, એમ્પ્લોયર્સ, કોન્ટ્રાકટર્સ વગેરેને બાંધકામ પ્રવૃતિ સાથે સંકળાયેલ શ્રમયોગીને આગામી એપ્રિલ-૨૦૨૪ તથા જૂન-૨૦૨૪ સુધી ઉકત સમયગાળા પૂરતો આરામ/વિશ્રામ માટેનો સમય ખાસ કિસ્સામાં ફાળવવા સૂચના આપવામાં આવે છે.

ઉપરાંત આ પ્રકારે ફાળવેલ વિશ્રામના સમયને ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી નિયમો- ૨૦૦૩ના નિયમ-૫૦(૨) મુજબનો વિશ્રામ નો સમય ગણવાનો રહેશે. તેમજ નિયમ-૫૦(૩) મુજબ આ રીતે આપવામાં આવનાર વિશ્રામના સમયગાળા સહિતનો કુલ સ્પ્રેડ ઓવર સમય દિવસમાં બાર કલાક કરતાં વધે નહી તેનું ધ્યાન રાખવા આથી સૂચના આપવામાં આવેલ છે.

ઉકત જણાવેલ સુચનાનું પાલન નહી કરવા બદલ શ્રમિક હેલ્પલાઈન નંબર-૧૫૫૩૭૨ ઉપર ફરિયાદ નોંધાવી શકાશે.

### કાનમેર નજીક બનેલી ગોળીબારની ઘટના

# કચ્છમાં રણમાં થયેલી હત્યામાં ભાજપના ત્રણ નેતાના નામ ખૂલતા ચકચાર

## પોલીસે આ બનાવમાં ૧૭માંથી ૧૬ની ધરપકડ કરી છે તેમની પાસેથી ઘટનાનું રિકન્સ્ટ્રકશન પણ કરવામાં આવ્યું હતું

કચ્છ,તા.૨૩

કચ્છના નાના રણમાં કાનમેર નજીક બનેલી ગોળીબારની ઘટનામાં ઈજા પામેલા એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ કેસની પોલીસ તપાસમાં ભાજપના ત્રણ નેતાઓના નામ ખૂલતા ચકચાર મચી ગઈ છે. ભાજપના ત્રણ નેતામાં એકની ધરપકડ કરવામાં આવી છે અને બાકીના બે ભૂગર્ભમાં ઉતરી ગયા છે. પોલીસે આ બનાવમાં ૧૭માંથી ૧૬ની ધરપકડ કરી છે. તેમની પાસેથી ઘટનાનું રિકન્સ્ટ્રકશન પણ કરવામાં આવ્યું હતું.આ અંગે બહાર આવેલી વિગત મુજબ ભચાઉના નરેન્દ્રદાન આર ગઢવી અને અશોકસિંહ ઝાલા તથા ગાંધીધામના દિલીપ અયાચીની સંડોવણી બહાર આવી છે. નરેન્દ્ર ગઢવીની ધરપકડ કરી લેવાઈ છે. અશોક ઝાલા અને દિલીપ અયાચી ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

નરેન્દ્ર ગઢવીની પત્ની હાલમાં પણ કચ્છ જિલ્લા પંચાયતમાં સભ્ય છે. અશોકસિંહ ભચાઉનો ભૂતપૂર્વ શહેર પ્રમુખ છે. તે કોંગ્રેસ અને ભાજપ બંનેમાં રહી ચૂકેલી છે. ગુનામાં ત્રણેયની ભૂમિકાની તપાસ જારી છે તેમ કહીને હાલમાં પોલીસે તેના અંગે કોઈ વિગતો આપવાનું મુનાસિબ સમજ્યું નથી.આ સમગ્ર પ્રકરણ પાછળ ભૂતપૂર્વ ધારાસભ્યનો ભત્રીજો અને પાર્ટીનો યુવા નેતા તથા વાગડના એક જોરાવર ગણાતા નેતાનો પુત્ર બંને ભાગીદારીમાં જોધપર વાંઢથી કાનમેર વચ્ચે રણમાં મીઠાના ગેરકાયદે પાળા વાળવા ઘણા સમયથી પ્રયત્નો કરતાં હતા. આમ છતાં સામે પણ માથાભારે જૂથ હોવાથી તેમને સફળતા મળતી ન હતી. તેથી તેમણે પાળા વાળવાનું કામ અશોક અને દિલીપને સોંપ્યુ હતુ. અશોક અને દિલિપી મૃતક સહિતના લોકોની ગેરકાયદે લીધેલી જમીન પર પાળાના રખેવાળનું કામ સોંપ્યું હતું. બસ આ જ માથાકૂટમાં હુમલો થયો હતો. આ કેસમાં આગળ પણ મોટા ફણગા ફૂટી શકે તેમ માનવામાં આવે છે.

# રાજ્યમાં ચોમાસાની ઋતુમાં સંભવિત કુદરતી આપત્તિ સામે વહીવટી તંત્ર સંપૂર્ણ સુસજ્જ

## તંત્રના આયોજન-સજ્જતાની મુખ્ય સચિવે કરી સમીક્ષા : NDRF-SDRFની ૨૬ કંપની તૈયાર

ગાંધીનગર, તા.૨૩

રાજ્યમાં ચોમાસા દરમ્યાન કોઈપણ પ્રકારની જાનહાનિ ન થાય તે માટે વહીવટી તંત્રને સજ્જ બનાવવા તેમજ જરૂરી વ્યવસ્થા તંત્ર ગોઠવવા વગેરે મુદ્દે મુખ્યસચિવ રાજકુમારે ઉચ્ચ સ્તરિયને સજ્જ બનાવતી બેઠક યોજી હતી. તંત્રની સજ્જતા અંગે વિગતો મેળવી જરૂરી સૂચનાઓ આપી હતી. મુખ્ય સચિવ રાજકુમારે રાજ્યના તમામ વિભાગો અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ, લશ્કરની ત્રણેય પાંખના પ્રતિનિધિઓ, કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો સહિત વહિવટી તંત્રના તમામ અધિકારીઓ સાથે ગાંધીનગર ખાતે બેઠક યોજી ચોમાસા દરમ્યાન સંભવિત આપત્તિના સામના માટેના આગોતરા આયોજન અને સજ્જતાની સમીક્ષા કરી હતી. મુખ્ય સચિવે કહ્યું હતું કે, આપત્તિ વ્યવસ્થાપનના ભાગરૂપે રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં આપદા મિત્રોને તાલીમ આપી સજ્જ કરાશે. ભૂતકાળમાં જે વિસ્તારમાં વધુ વરસાદ થયો હોય તેવા વિસ્તારોની પણ અત્યારથી સમીક્ષા કરીને આગામી ચોમાસા માટે જરૂરી તૈયારીઓ કરી લેવી જોઈએ જેથી અગમચેતીના ભાગરૂપે નુકસાન અટકાવી શકાય. શહેરી વિસ્તારોમાં જૂના-જોખમી મકાનોની સ્થળ તપાસ કરાવી અત્યારથી જ તેને ખાલી કરાવવા જોઈએ જેથી જાનહાની ટાળી શકાય. ચોમાસાની તૈયારી સંદર્ભે વિવિધ સ્થળે મોકડ્રીલ યોજવા તેમજ ચોમાસા દરમ્યાન સરદાર સરોવર, ઉકાઈ સહિતના ડેમોમાં પાણીની સ્થિતિ અંગે અગાઉથી વિગતો મેળવવા તેમણે વહીવટીતંત્રને સૂચનાઓ આપી હતી. ગાંધીનગર ખાતે યોજાયેલી "પ્રિ મોનસુન પ્રિપેર્ડનેસ" અંગેની બેઠકમાં મુખ્ય સચિવે જણાવ્યું હતું કે, સંભવિત આપત્તિના સામના માટેની જેટલી આગોતરી સજ્જતા કેળવાય તેટલી ઝડપથી આપણે રાહત-બચાવની કામગીરી કરી શકીશું જેથી ઓછામાં ઓછું નૂકસાન થાય તેવી સ્થિતિનું નિર્માણ થઈ શકશે. તેમણે તમામ વિભાગોને આપત્તિ વ્યવસ્થાપન પ્લાન જરૂરી ફેરફાર સાથે તૈયાર રાખવા જણાવી, રાજ્ય વહિવટી તંત્ર, કેન્દ્ર સરકારની કચેરીઓ, સુરક્ષા એજન્સીઓ વચ્ચે અસરકારક સંકલન રાખવા ઉપર પણ ભાર મૂક્યો હતો. વધુમાં, તેમણે રાજ્યમાં આવેલા શેલ્ટરહોમમાં સુવિધાઓ ચકાસવા તેમજ તાલુકા સ્તરેથી તાલુકા-ગામડાઓ વચ્ચે માહિતીનું આદાન-પ્રદાન યોગ્ય થાય તે અંગે તંત્રને તાકીદ કરી હતી. સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્યમાં NDRFની ૧૫ તેમજ SDRFની ૧૧ ટીમો ઉપલબ્ધ રહેશે જેને જરૂરિયાત પ્રમાણે તહેનાત કરી શકાશે. આ ટીમો પૂરતી બોટ, લાઈફ જેકેટ તથા અદ્યતન કમ્યુનિકેશનની સુવિધાઓથી સજ્જ હશે. કેન્દ્રીય હવામાન વિભાગના અધિકારીએ આગામી ચોમાસા અંગે જણાવ્યું હતું કે, સંભવિત તા. ૩૧ મેની આસપાસ કેરળ ખાતે ચોમાસાનું આગમન થશે જેથી આ વર્ષે ગુજરાતમાં દર વર્ષ કરતાં વહેલું ચોમાસું આવવાની શક્યતા છે. હવામાન ખાતા દ્વારા આગામી સમયમાં દર સપ્તાહે વરસાદ વિશે જરૂરી વિગતો આપવામાં આવશે. આ બેઠકમાં વિવિધ વિભાગોના ઉચ્ચ સનદી અધિકારીઓ, માહિતી, ઈસરો, સેનાની ત્રણેય પાંખના અધિકારીઓ, BSF, કોસ્ટ ગાર્ડ, NDRF, ભારતીય રેલવે તથા વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાઈડેન અને ટ્રમ્પ બે રાષ્ટ્રપતિ ચર્ચાઓ માટે સંમત, પ્રથમ ચર્ચા CNN ઉપર ૨૭ જૂને રજુ થશે

વોશિંગ્ટન, તા.૨૩

રાષ્ટ્રપતિ જો બાઈડેન અને પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બંનેએ ૨૭ જૂને CNN તરફથી ચર્ચા માટેનું આમંત્રણ સ્વીકાર્યું છે, જે ઐતિહાસિક રીતે પ્રારંભિક શોડાઉન છે જે ૨૦૨૪ના ઝુંબેશના અંતિમ મહિનાઓ માટે તખ્તો સેટ કરશે. બાઈડેને X ઉપરની પોસ્ટમાં કહ્યું, 'મને ૨૭મી જૂને ચર્ચા માટે @CNN તરફથી આમંત્રણ મળ્યું અને સ્વીકાર્યું. હવે હું તમારા પર છોડી દઉં છું, ડોનાલ્ડ. જેમ તમે કહ્યું, ગમે ત્યાં, કોઈપણ સમયે, કોઈપણ જગ્યાએ.' ટ્રમ્પે પાછળથી સીએનએનના કેટલાન કોલિન્સને કહ્યું, 'જવાબ હા છે, હું સ્વીકારીશ.' બાદમાં બંને જણાંએ કહ્યું કે, તેઓએ ૧૦ સપ્ટેમ્બરે બીજી ચર્ચા કરવા માટે ABC તરફથી આમંત્રણ સ્વીકાર્યું છે. બે રાજકીય પ્રતિસ્પર્ધીઓ વચ્ચેની ચર્ચાઓ ઉપર ઝડપથી વધી રહેલા જેવા સાથે તેવાની નીતિમાં સમાચાર તાજો ઘટનાક્રમ છે. બાઈડેનની ઝુંબેશ અગાઉ ટ્રમ્પને સમાચાર સંસ્થાઓ દ્વારા યોજાયેલી બે પ્રમુખપદની ચર્ચાઓ માટે તેમની સાથે જોડાવા માટે હાકલ કરી હતી અને ઔપચારિક રીતે પ્રેસિડેન્શિયલ ડિબેટ્સ ઉપરના કમિશનને જાણ કરી હતી કે, રાષ્ટ્રપતિ તેની અગાઉની નિર્ધારિત ચર્ચાઓમાં ભાગ લેશે નહીં. પૂર્વ રાષ્ટ્રપતિએ તરત જ કહ્યું કે, તેઓ અગાઉની ચર્ચાઓમાં ભાગ લેશે અને રેડિયો હોસ્ટ હ્યુ હેવિટને તેમણે કહ્યું કે, તેઓ કોઈપણ મધ્યસ્થીને સ્વીકારશે. બાઈડેને તાજેતરમાં જ કહ્યું હતું કે, તેઓને ટ્રમ્પ સાથે ચર્ચા કરવાનું ગમશે, પરંતુ તેઓ આવી ચર્ચાના ફોર્મેટ ઉપર બિન-પ્રતિબદ્ધ હતા, રેડિયો હોસ્ટ હોવર્ડ સ્ટર્નને તેમણે કહ્યું કે, 'તેમની(ટ્રમ્પ) સાથે ચર્ચા કરવાનું ગમશે.' સોશિયલ મીડિયા વીડિયોમાં અને પ્રેસિડેન્શિયલ ડિબેટ્સ ઉપરના કમિશનને અનુગામી પત્રમાં બાઈડેનની ઝુંબેશમાં જૂન અને સપ્ટેમ્બરમાં સંભવિત ચર્ચાની તારીખો સહિત તેની સૂચિત શરતો રજૂ કરવામાં આવી હતી. કેમેરા સમક્ષ પ્રત્યક્ષ વાતચીતનો બાઈડેનનો વીડિયો વધુ સીધો પડકાર હતો. તેમાં બાઈડેને કહ્યું કે, '૨૦૨૦માં ડોનાલ્ડ ટ્રમ્પ મારી સામે બે ડિબેટ હારી ગયા ત્યારથી તેઓ ડિબેટ માટે હાજર થયા નથી. હવે તે એવું વર્તન કરી રહ્યા છે કે, તે મારી સાથે ફરીથી ચર્ચા કરવા માંગે છે.' બાઈડેને ટ્રમ્પના કોર્ટના સમયપત્રકને સંકેત આપતા ચાલુ રાખ્યું અને કહ્યું કે, મેં સાંભળ્યું છે કે, તમે મુક્ત છો, ખૂબ સરસ, ચાલો મારો દિવસ પણ સુધારી દયો, હું બે વાર ચર્ચા કરવા માટે પણ તૈયાર છું મિત્ર, તો ચાલો તારીખો પસંદ કરીએ, ડોનાલ્ડ,' પત્રમાં બાઈડેનની ઝુંબેશ સ્વીકારે છે કે, ટ્રમ્પની ગુનાહિત હશ-મની ટ્રાયલ સમાપ્ત થયા પછી પ્રથમ ચર્ચા સંભવતઃ થશે. ટ્રુથ સોશિયલ ઉપરની એક પોસ્ટમાં ટ્રમ્પે નાવા સમયપત્રકને સ્વીકાર્યું અને કહ્યું કે, 'હું જૂન અને સપ્ટેમ્બરમાં બે સૂચિત સમયે બદમાશ જો (બાઈડેન) ચર્ચા કરવા માટે તૈયાર હોય તો હું પણ તૈયાર છું,' તેમણે ઉમેર્યું હતું કે, હું તો બે કરતાં વધુ ચર્ચાઓની ભલામણ' કરૂં છું. ટ્રમ્પના એક વરિષ્ઠ સલાહકારે સીએનએનને કહ્યું કે, તેઓ બાઈડેન સાથે 'ચર્ચા કરવા માટે તૈયાર છે' અને શરતોની સમીક્ષા કરી રહ્યા છે અને સ્ટેજ ઉપર તેમનો મુકાબલો કરવા માટે આતુર છે.

### ફિલ્મને પણ ટક્કર મારે તેવો વાસ્તવિક સીન

# પરત ફરી રહેલી જાનમાંથી બંદૂકની અણીએ ૨૦ જેટલા લોકોએ કર્યું દુલ્હનનું અપહરણ

અમદાવાદ, તા.૨૩

દાહોદમાં ફિલ્મી સ્ટાઈલમાં દુલ્હનનું અપહરણ થતાં ચકચાર મચી જવા પામી છે. વરરાજા સહિત જાનૈયાઓ સામે જ બંદૂક બતાવી ૨૦ લોકો દુલ્હનને ગાડીમાંથી ઉતારીને ઉઠાવી ગયા હતા. ત્યારે જે ઘરમાં આજે ખુશીનો માહોલ હોવો જોઈએ ત્યાં માયુસી છવાઈ ગઈ છે. આ અંગે વરરાજાએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાપ્ત વિગત મુજબ દાહોદના ભાટીવાડા ગામના રોહિત અમલીયારની જાન મધ્યપ્રદેશના ઝાબુઆના જાલાપાડા ગામે ગઈ હતી. મધ્યપ્રદેશથી લગ્ન પતાવી જાન પરત આવી રહી હતી. તે દરમ્યાન અધવચ્ચે જ ૨૦થી ૨૫ લોકોનું ટોળું બાઈક ઉપર આવી પહોંચ્યું હતું. વરરાજાની ગાડીને ઓવરટેક કરીને ધમકીઓ આપવાનું શરૂ કરી દીધું હતું. બંદૂક બતાવીને બેથી ત્રણ લોકોએ ગાડીની ચાવી કાઢી લીધી હતી. જે બાદ દરવાજો ખોલીને દુલ્હન ઉષાને ઢસડીને બાઈક ઉપર બેસાડી દીધી હતી. આ સમગ્ર ઘટના વરરાજાની સામે જ બની હતી. વરરાજા સહિત જાનૈયાઓ કંઈ સમજે તે પહેલાં તો તેઓ દુલ્હનને ઉઠાવી ગયા હતા. ધારિયા, બંદૂક સહિતનાં હથિયારો બતાવી ધમકી આપી હતી. જેથી વરરાજા તેમજ જાનૈયા ડરી ગયા હતા. આ અંગે વરરાજા રોહિત બાબુભાઈ અમલીયારે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. મહેશ તોફાન ભૂરિયા, નિલેશ લોબાન ભાભોર, નરેશ ભાભોર, શૈલેશ બાબુ માવી, જિતેન્દ્ર નરેશ ભાભોર સહિત અન્ય ૧૦ મોટરસાઈકલ ચાલકો વિરૂધ્ધ IPC કલમ ૩૬૫, ૧૨૦(B)૧૪૩ મુજબ ગુનો નોંધ્યો હતો. બીજી તરફ સમગ્ર દાહોદ જિલ્લા સહિત મધ્યપ્રદેશ બોર્ડર વિસ્તારમાં પોલીસની અલગ અલગ ટીમોએ તપાસ હાથ ધરી હતી. જેમાં આરોપીઓ પૈકી ૨ આરોપીઓને રાઉન્ડઅપ કરવામાં આવ્યા છે. શંકમંદોની પૂછપરછ હાથ ધરી હતી. જેથી તમામ લોકોનાં નામ પોલીસને મળી આવ્યાં છે. આ પૈકી બે આરોપીને રાઉન્ડઅપ કરવામાં આવ્યા છે. જે આરોપીઓ છે તે મધ્યપ્રદેશના છે. ભોગ બનનાર છે તે જાલાપાડા ગામની છે. આ જાલાપાડ ગામ અને આરોપીનું ગામ તે બોર્ડરની નજીક આવેલાં ગામો છે. આ અંગે વધુ તપાસ હાલમાં ચાલી રહી છે.

# ૮૫ ટકા ભારતીયોનું કહેવું છે કે, આબોહવાનું પરિવર્તન તેમના જીવનને અસર કરે છે : સર્વે



નવી દિલ્હી, તા.૨૩


ભારતમાં કરાયેલા સર્વેક્ષણમાં ૮૫ ટકા લોકો પહેલેથી જ આબોહવા પરિવર્તનની અસરો અનુભવે છે. તેમાંથી ત્રીજા કરતાં વધુ એટલે કે ૩૪% લોકોએ તો તીવ્ર ગરમી, દુષ્કાળ અને પૂર જેવી આત્યંતિક હવામાનની ઘટનાઓને કારણે પહેલેથી જ સ્થળાંતર કર્યું છે અથવા સ્થળાંતર કરવાનું વિચાર્યું છે. પાછલા વર્ષમાં ઓછામાં ઓછા એક દિવસ માટે ૩૮% લોકોને પૂરતું શુદ્ધ પીવાનું પાણી મળ્યું ન હતું અને ૭૨% લોકોને સામાન્ય દિવસે વીજળીના વિક્ષેપનો અનુભવ કરવો પડ્યો હતો. જીનીવા સ્થિત ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ મોનિટરિંગ સેન્ટરના અહેવાલ મુજબ હવામાન સંબંધિત આફતોએ ૨૦૨૩માં ભારતમાં અડધા મિલિયન (પાંચ લાખથી વધુ) અને ૨૦૨૨માં લગભગ ૨.૫ મિલિયન (૨૫ લાખ) આંતરિક વિસ્થાપનને કારણભૂત બનાવ્યું હતું. ગંભીર ગરમીના તરંગોએ સતત ત્રણ વર્ષથી ભારતના ભાગોમાં મોટી સંખ્યામાં લોકોને અસર કરી છે, જેનાથી આરોગ્ય, પાણીની ઉપલબ્ધતા, કૃષિ, વીજ ઉત્પાદન અને અર્થતંત્રના અન્ય ક્ષેત્રોને અસર થઈ છે.

ગત વર્ષે હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડના હિમાલયના રાજ્યોમાં જીવલેણ પૂરે વિનાશનો દોર વેરી દીધો હતો. ઓકટોબરમાં સિક્કિમમાં હિમનદી તળાવ ફાટી નીકળેલા પૂરને કારણે એક હાઈડ્રોઈલેક્ટ્રિક ડેમ તૂટી પડ્યો હતો જેમાં ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને ૮૮,૦૦૦થી વધુ લોકો પ્રભાવિત થયા હતા. યેલ પ્રોગ્રામ ઓન ક્લાઈમેટ ચેન્જ કોમ્યુનિકેશન-CVoter સર્વે મુજબ, ૭૦ ટકાથી વધુ લોકો માને છે કે, ગ્લોબલ વોર્મિંગ તેમના સ્થાનિક વિસ્તારોના હવામાન અને ભારતમાં ચોમાસાને અસર કરે છે પરંતુ માત્ર ૬૪% સામાન્ય રીતે આત્યંતિક હવામાન ઘટના પહેલા ચેતવણીઓ પ્રાપ્ત કરે છે. જ્યારે ૮૬% ઉત્તરદાતાઓ ૨૦૭૦ સુધીમાં નેટ-શૂન્ય કાર્બન ઉત્સર્જન હાંસલ કરવાની ભારતની પ્રતિબદ્ધતાની તરફેણ કરે છે, ૭૮% કહે છે કે, સરકારે ગ્લોબલ વોર્મિંગને સંબોધવા માટે વધુ કઈક કરવું જોઈએ. ૬૧ ટકા લોકો માને છે કે, ભારતે પુર્નઃ પ્રાપ્ય ઊર્જાનો ઉપયોગ વધારવો જોઈએ જ્યારે માત્ર ૧૪ ટકા લોકો માને છે કે, દેશે અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ વધારવો જોઈએ. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના જણાવ્યા અનુસાર, ભારત વૈશ્વિક વસ્તીના લગભગ ૧૮ ટકા હિસ્સો ધરાવે છે પરંતુ વિશ્વની પ્રાથમિક ઊર્જાનો માત્ર ૬ ટકા ઉપયોગ કરે છે. જો કે, તેની મોટી વસ્તીને કારણે ભારત હાલમાં ચીન અને યુએસ પછી ત્રીજા ક્રમનું સૌથી મોટું ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જક છે. સંશોધન દર્શાવે છે કે, આબોહવાની અસરો માટે સૌથી વધુ સંવેદનશીલ દેશોમાં ભારત આવે છે. આબોહવા પરિવર્તન પહેલાથી જ દેશમાં વધતી મોસમમાં ફેરફાર કરવાનું શરૂ કરી દીધું છે અને તેની લગભગ ૫૦% વસ્તી કૃષિ અને અન્ય આબોહવા સંવેદનશીલ ક્ષેત્રોમાં રોકાયેલી હોવાથી ઉત્પાદકતા અને આરોગ્યને નુકસાન નોંધપાત્ર છે.

સ્વતંત્ર વિચારસરણી કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયરમેન્ટ એન્ડ વોટર મુજબ, ભારતીય વસ્તીના ૮૦%થી વધુ લોકો એવા જિલ્લાઓમાં રહે છે જે આત્યંતિક હવામાનની ઘટનાઓ માટે અત્યંત સંવેદનશીલ હોય છે. એવો અંદાજ છે કે, ૨૦૫૦ સુધીમાં ભારતમાં ૧૪૮.૩ મિલિયન (૧૪.૮૩ કરોડ) લોકો ગંભીર આબોહવા હોટસ્પોટમાં જીવતા હશે

# સવાલ પોતાની ઈચ્છાથી મરવાનો

**સારી રીતે મરવું જીવનનું એક આવશ્યક અંગ છે. પરંતુ સુપ્રિમકોર્ટે ઈચ્છા મૃત્યુનો વ્યકિતના અધિકારરૂપે સ્વીકાર કર્યો છે સાર્વજનીક નીતિરૂપે નહી. ઈચ્છા મૃત્યુની જરૂર ત્યારે પડે છે જયારે ચિકિત્સક એ નિર્ણય ઉપર પહોંચી ગયા હોય કે રોગીનું બચવું અસંભવ છે અને મૃત્યુ જ તેને અસહ્ય શારીરીક કષ્ટથી છુટકારો અપાવી શકે છે**



ઈચ્છા મૃત્યુને લઈને સુપ્રિમ કોર્ટમાં દાખલ કરેલ પોતાની અરજીમાં એનજીઓ કોમન કોઝએ કહ્યું હતું કોઈપણ વ્યકિતને એ કઈ રીતે કહી શકાય કે તેને પોતાના શરીર ઉપર થઈ રહેલ કે થનારા અત્યાચારને રોકવાનો અધિકાર નથી ? જીવવાના અધિકારમાં ગૌરવ સાથે મરવાનો અધિકાર પણ સામેલ છે. કોઈપણ વ્યકિતને વેન્ટીલેટરની સહાયતાથી જીવવા માટે ફરજ ન પાડી શકાય. કોઈપણ રોગીને તેની ઈચ્છા વિરૂધ્ધ કુત્રિમ સાધનોથી જીવીત રાખવી તેના શરીર ઉપર અત્યાચાર છે. આ જનહિત અરજી ૨૦૦૫માં દાખલ કરવામાં આવી હતી. આ ૯મી માર્ચે તેનો નિવેડો આવ્યો. જેમાં આ અરજીનો સ્વીકાર કરી લેવામાં આવ્યો છે. એ દુર્ભાગ્યની વાત છે કે સુપ્રિમ કોર્ટે આ નિર્ણય ઉપર પહોંચવામાં પુરા બાર વર્ષ લગાવી દીધા. આ દરમ્યાન કેટલાક લોકોએ પત્ર લખીને રાષ્ટ્રપતિ પાસે ઈચ્છા મૃત્યુની અનુમતિ આપવાનો આગ્રહ કર્યો પરંતુ તે અસહ્ય કષ્ટમાંથી ગુજરતા રહ્યા અને પોતાનું જીવન સમાપ્ત ન કરી શકયા. કારણ કે રાષ્ટ્રપતિ પાસેથી તેમને કોઈ સકારાત્મક જવાબ ન મળ્યો. હવે તેઓ ઈચ્છે તો પોતાના કષ્ટમય જીવનમાંથી મુકિત મેળવી શકશે.

નિશ્ચીતપણે મામલો પેચીદલ છે કારણ કે તેનો સબંધ જીવન અને મરણથી છે. પરંતુ એટલું જટિલ પણ નથી. કારણ કે જયારે મૃત્યુ અનિવાર્ય હોય અને શરીર બહુ કષ્ટમાં હોય ત્યારે જીવતા રહેવાનો કે કોઈને જીવતા રાખવાનો કોઈ મતલબ નથી. એ સાચું કે મરવા કોઈ નથી માંગતું કેટલીય વાર આપણે એટલી દર્દભરી પરિસ્થિતિઓમાં આવી જઈએ છીએ કે પોકારી ઉઠીએ છીએ કે હે ઈશ્વર મને ઉઠાવી લે. પરંતુ વાસ્તવમાં આ મરવાની ઈચ્છા નથી હતી. આ કષ્ટની પરાકાષ્ઠાનું પરિણામ છે. જેને આપણે હંમેશા સહન નથી કરી શકતા. એવી પરિસ્થિતિઓમાં અનેક લોકો આત્મહત્યા કરવા વિશે વિચારવા લાગે છે અને કેટલાક લોકો તેની કોશિષ પણ કરે છે. પરંતુ આ ચરમ હતાશાની અભિવ્યકિત છે અને લોકો જલ્દી તેમાંથી ઉગરી પણ જાય છે. અને જીવન સંઘર્ષમાં લાગી પડે છે. કોમન કોઝ આ પ્રકારની સ્થિતિઓમાં આત્મ મૃત્યુનું સમર્થન નથી કરતું. પરંતુ તે એમ જરૂર માને છે કે જયારે શરીર મેડિકલ સ્તરે જવાબ આપી દે અને આગળ અનિવાર્યરૂપે મુશ્કેલીઓ જ દેખાય તો પોતાના તરફથી આગળ વધીને મૃત્યુને આલિંગન આપવામાં જ મનુષ્યની ગરીમા છે. જેવું આ કેસનો નિર્ણય કરનારા પાંચ સભ્યોની પીઠમાંથી એક જજે કહ્યું જીવન અને મૃત્યુ વચ્ચે અનિવાર્ય સબંધ છે અને એકને છોડીને બીજા વિશે વિચારી ન શકાય.

ઈચ્છા મૃત્યુની તુલના આત્મહત્યા સાથે ન કરી શકાય. આત્મહત્યા વ્યકિત દ્વારા પોતાના જીવનનો અંત છે. હજુ પણ માન્યતા છે કે જીવન વ્યકિતનું પોતાનું નથી તે પ્રકૃતિ કે ઈશ્વરનું વરદાન છે અને મૃત્યુ પણ પ્રકૃતિ કે ઈશ્વરને આધીન હોવું જોઈએ. પછી કોઈપણ વ્યકિત એકલો નથી હોતો તેના પારિવારીક, સામાજીક, આર્થિક સબંધ હોય છે. આ ક્ષેત્રોમાં તેની જવાબદારીઓ પણ હોય છે.

જો કોઈ વ્યકિત કોઈ નિર્જન ટાપુમાં રહે છે અને તે પોતાના જીવનનો અંત કરી લે તો આ દુનિયામાં કોઈ ફર્ક નથી પડતો. પરંતુ સમાજમાં રહેનારા વ્યકિત દ્વારા આત્મહત્યાના અનેક અવાંછિત પરિણામો આવી શકે છે. આત્મહત્યાના નિર્ણયથી ઉગરી જનાર વ્યકિત ફરી સાર્થક જીવન જીવી શકે છે અને પસ્તાઈ શકે છે કે તેણે કયારેક મરવા વિશે વિચાર્યુ હતું તેનાથી વિપરીત ઈચ્છા મૃત્યુની જરૂર ત્યારે પડે છે જયારે ચિકિત્સક એ નિર્ણય ઉપર પહોંચે ગયા હોય કે રોગીનું બચવું અસંભવ છે અને મૃત્યુ જ તેને અસહ્ય શારીરીક કષ્ટથી છુટકારો અપાવી શકે છે. આ બાબત દોડીને મોતને ભેટવા જેવી નથી પરંતુ ભાનમાં રહીને જ એ નિર્ણય કરી લેવાનો છે કે અચેતાવસ્થામાં અને કુત્રિમ સાધનોની સહાયતાથી વધુ કેટલાક મહિના કે વર્ષો સુધી જીવીત રહેવાનો કોઈ અર્થ નથી.

વાસ્તવમાં આ પ્રકારના નિર્ણયથી મનુષ્યના જીવનમાં ગરીમાં આવે છે બીજા શબ્દોમાં કહી શકાય કે સારૂ જીવન જીવનાર જ સારા મૃત્યુની કામના કરી શકે છે. સારી રીતે મરવું સારા જીવનનું એક આવશ્યક અંગ છે. પરંતુ સુપ્રિમકોર્ટે ઈચ્છા મૃત્યુનો વ્યકિતના અધિકારરૂપે સ્વીકાર કર્યો છે સાર્વજનીક નિતી રૂપે નહી. અર્થાત હજુ પણ આદર્શ તો એ જ રહેશે કે મૃત્યુથી બચાવવા માટે તમામ ચિકિત્સકીય ઉપાય કરવામાં આવે અને દવા કે સેવા સુશ્રુના અભાવે કોઈને મરવા માટે ન છોડવામાં આવે. એવું કરવું માનવતા પ્રત્યે અપરાધ હશે. પ્રત્યેક મનુષ્ય જીવવા માંગે છે. કહી શકાય કે કઠિનથી કઠિન પરિસ્થિતિમાં પણ મનુષ્ય જીવીત રહેવા માંગે છે. સાધનોના અભાવે તેને મરવું પડે આ એક વિકૃત સ્થિતિ છે. કોઈપણ સમાજમાં એવી સ્થિતિઓ પેદા ન થવી જોઈએ બલ્કે કહો કે એક સારા સમાજની અનિવાર્ય ઓળખ છે કે તે પ્રત્યેક વ્યકિતને તેના અંતિમ શ્વાસ સુધી જીવીત રાખવાનો પ્રયાસ કરે છે. તેનાથી આપણે એ નિષ્કર્ષ કાઢી શકીએ છીએ કે ઈચ્છામૃત્યુની જોગવાઈ અનિચ્છિત મૃત્યુ માટે નથી. એટલે કે એવું ન થવું જોઈએ કે કોઈ મરણાસન રોગી પોતાના ખર્ચે સારવાર ન કરી શકે કે તેના પરિવારના લોકો તેના ઉપચારનો ખર્ચ વહન ન કરી શકે. તો તેની સારવાર ન કરવામાં આવે અને તેને મરવા માટે છોડી દેવામાં આવે એની સારવારનો ખર્ચ સામાજીક સંસ્થાઓ કે સરકારે ઉઠાવવો જોઈએ. પરંતુ એવી પરિસ્થિતિ પેદા થઈ શકે છે કે જયારે કોઈ વર્ષો વર્ષ કોમામા જ પડી રહે એવા પણ ઉદાહરણ છે કે દસથી પંદર વર્ષ કોમામાં રહ્યા બાદ લોકો ભાનમાં આવ્યા હોય અને સ્વસ્થ જીવન જીવવા સક્ષમ બન્યા હોય. એવા કિસ્સામાં શું કરવું આ એક નૈતિક દુવિધાનો મામલો છે. જો તેના પરિવારના લોકો કે વર્ષો અનંતકાળ સુધી રાહ જોવા તૈયાર હોય અને એવા વ્યકિતને જીવીત રાખવાનો ખર્ચ વહન કરી શકે છે તો તેની અનુમતિ અવશ્ય મળવી જોઈએ. પરંતુ જયારે મામલો સરકારી ખર્ચનો હોય તો વ્યવહારીકતાની સમસ્યાઓ પેદા થાય છે. કોઈપણ સરકાર પાસે સાર્વજનિક સ્વાસ્થ્ય ઉપર ખર્ચ કરવા માટે અનંત રાશિ નથી હોતી. તેથી તેણે નકકી જ કરવું પડશે કે કેટલાક રોગીઓને અનિશ્ચીત સમય સુધી વેન્ટિલેટર ઉપર રાખવાનો ખર્ચ વહન કરવામાં આવે કે એક નકકી અવધિ બાદ હોપલેસ કેસ માનીને પૈસા બચાવવામાં આવે જેથી અન્ય એવા રોગીઓની સારવાર થઈ શકે જેમનું જીવન બચાવી શકાય તેવું હોય આ અવિધ કેટલી હોય એ પણ એક કઠિન પ્રશ્ન છે કારણ કે રોજ નવી નવી જીવનરક્ષક દવાઓની શોધ થઈ રહી છે.

### ‘ભરી લ્યો, સ્વાદમાં, એની સુગંધનો દરિયો’

# તાલાળા મેંગો માર્કેટ યાર્ડમાં એકજ દિવસમાં ૨૦,૨૯૦ કેરીના બોકસની આવક થઈ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૩ સ્વાદ-સુગંધ અને રંગથી વિશ્વને દાઢે વળગેલી રસપ્રચુર કેસર કેરીના ગઢ તાલાળા મેંગો માર્કેટ યાર્ડમાં આ વર્ષે પ્રથમ વખત ગઈકાલ તા.૨૨ મે ના રોજ એકજ દિવસમાં ૨૦,૨૯૦ કેરીના બોકસની આવક થઈ હતી. જેના સૌથી ઉંચા ભાવ રૂા.૯૭૫/-, સરેરાશ ભાવ રૂા.૬૦૦ અને સૌથી નીચા ભાવ રૂા.૪૨૫ રહયા હતા.

તા. ૧ મે થી માર્કેટ યાર્ડનો પ્રારંભ થયો છે અને અત્યાર સુધી ૧૦ કિલોના કુલ બોકસ ૨,૪૧,૩૪૦નું વેંચાણ થયેલ છે. અને અંદાજે રૂા.૨૪,૧૩,૪૦,૦૦૦ નો કારોબાર થયો છે. મેંગો માર્કેટના ચેરમેન સંજય શીંગાળા, અધિકારીઓ રમેશભાઈ તથા ગોરધનભાઈનું સુચારૂં સંચાલનનેક કારણ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય અને રાજય કક્ષાએ સારો પ્રતિસાદ મળી રહયો છે.

સૌથી ઓછા બોકસ ૫૪૨૦ તા.૪-૫-૨૪ ના રોજ આવ્યા હતા જેનો ઉંચો ભાવ રૂા.૧૩૦૦ હતો અને નીચો ભાવ રૂા.૬૫૦ હતો તેમજ સરેરાશ ભાવ રૂા.૧૦૦૦ હતો. તા.૧થી ૯ માત્ર ચાર ડીઝીટના આંકડામાં કેરીના બોકસની આવક થઈ હતી. જયારે તા.૯-૫-૨૪ ના રોજ ૧૨,૧૧૦ અને તા.૧૧ થી તા. ૨૨ મે સુધી પાંચ ડીઝીટમાં બોકસની આવક થઈ હતી. હવે થોડા ભાવ ઘટી રહયા છે પરંતુ ગત વર્ષ જેટલા તો નહીં જ ઘટે તેવું અનુમાન છે.

# વેરાવળમાં વરસાદી પાણી ન ભરાય તે માટે ૧૫ દિવસમાં દબાણો દુર કરી વરસાદી પાણીના વહેણો સફાઈ કરવા આદેશ કરાયો

### કલેકટરએ પાલીકા, પીડબ્લ્યુડી, સિંચાઈ, હાઈવે ઓથો.ના અધિકારીઓ સાથે બેઠક કરી આદેશ કર્યા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૩

વેરાવળ સોમનાથ જોડીયા શહેરમાં દર ચોમાસામાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ જતા લોકો અને વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે દર વર્ષે ઉભી થતી સમસ્યા રૂપી પરિસ્થિતિને ધ્યાને લઈ ચાલુ વર્ષે વરસાદી પાણી ન ભરાય અને લોકોને મુશ્કેલી ન પડે તે હેતુસર આગોતરી કામગીરી કરવા માટે જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ અધિક કલેકટર આર.જી.આલ, પ્રોજેક્ટ ડાયરેકટર નેશનલ હાઈવે, શહેર અને ગ્રામ્યના મામલતદાર, સિંચાઈ, માર્ગ મકાન, પાલીકાના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

આ બેઠકમાં કલેકટર જાડેજાએ વેરાવળ બાયપાસ ઉપર તાલાલા ચોકડી આસપાસ થતા પાણીના ભરાવા તથા તેના કાયમી નિકાલ માટે ચર્ચા કરી લોકોને થતી જાનહની-નુકશાની અટકાવવા જરૂરી માર્ગદર્શન સાથે સુચનાઓ આપતા કહેલ કે, દેવકા નદીની કાંઠે ખેતી વિષયક દબાણો છે તે દુર કરવા તથા નદીની અંદર આવેલ ઝાડી, ઝાંખરા, બાવળ જેવા અવરોધો સુજલામ સુફલામ યોજના હેઠળ સમાવેશ કરી સફાઈ કરવા સિંચાઈ વિભાગને તાત્કાલીક કામગીરી શરૂ કરવા સુચના આપી હતી. આવી જ રીતે શહેરમાં પ્રવેશતા વરસાદી પાણીના નિકાસના જુના વહેણનો રૂટ નેશનલ હાઈવે બાયપાસથી પાલીકા કમ્પોઝ યાર્ડ થઈ વોર્ડ નં-૫ અને ૬ મા ત્યારબાદ ખેતીની જમીનોમાં થઈ ગોદરશા તળાવથી ઉતરોતર દરિયાઈ ખાડી સુધી જતો જુનો વરસાદી પાણીનો વહેણ/માર્ગને સુજલામ સુફલામ યોજના હેઠળ સમાવેશ કરી સફાઈ કરાવવા પાલીકાને સુચના આપી હતી. વધુમાં વેરાવળ બાયપાસના નમસ્તે



સર્કલથી સોમનાથ બાયપાસ સર્કલ સુધી નેશનલ હાઈવેની બન્ને બાજુ વરસાદી પાણીના નિકાસને અવરોધતા હાઈવેના કાંઠે બનેલા કોમર્શીયલ, રેશીડેંશીયલ, સીમના એપ્રોચ રોડ જે જોગવાઈ વિરુદ્ધ પાણી અવરોધે તે રીતે બનાવેલ છે તેવા ઓળખાયેલા અંદાજે ૪૨ જેટલા સ્થળો પરના દબાણો ખુલ્લા કરવા સબંધિત વિભાગોની એક ટીમ બનાવી દુર કરવા સ્પષ્ટ સુચના આપી છે. આવી તમામ મિલકતોના માલીકોને પણ આવી જગ્યાઓ ઉપર મોટા પાઈપ મુકી પોત પોતાના એપ્રોચ રોડ પર પાણી ન અવરોધાય તે રીતે વ્યવસ્થા કરવા જણાવેલ છે.

બેઠકમાં ચર્ચા સાથે સુચના અપાયેલ તમામ કામગીરી આગામી પંદર દિવસમાં પૂર્ણ કરવા માટે સબંધિત અધિકારીઓને તાકીદ કરી છે. આ સાથે ભવિષ્યમાં આવા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થામાં અવરોધ ઉભો કરનાર સામે કડક કાર્યવાહી કરવા પણ તાકીદ કરી છે. ત્યારે કલેકટર સાહેબની સુચના મુજબ સંબંધિત વિભાગો કેવી નક્કર કામગીરી કરે છે કે પછી કાગળ ઉપર જ કરે છે તે જોવું રહ્યુ.

### ઈફકો બાદ નાફેડમાં પણ ગુજરાતી ચેરમેન

# નાફેડના ચેરમેન તરીકે જેઠા ભરવાડ બિનહરીફ ચૂંટાયા

### ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ પંચમહાલ ડેરીના ચેરમેન અને પીડીસી બેંકના છે ચેરમેન

નવી દિલ્હી, તા.૨૩

નેશનલ એગ્રિકલ્ચર કો ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા એટલે નાફેડના ચેરમેન તરીકે જેઠાભાઈ ભરવાડ બિનહરીફ ચૂંટાયા છે. દિલ્હીમાં દેશના સહકારી ક્ષેત્રની મહત્ત્વની ગણાતી નાફેડની ચૂંટણી યોજાઈ હતી. ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ કે જેમના માટે દિલીપ સંઘાણીએ તેમની બેઠક ખાલી કરી હતી, તેઓ નાફેડની ડિરેક્ટરોની બોર્ડ મીટિંગમાં ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયા હતા.

નોંધનીય છે કે જેઠાભાઈ ભરવાડ પંચમહાલ ડેરીના ચેરમેન અને પીડીસી બેંકના ચેરમેન પણ છે. મોહન કુંડારિયાને નાફેડના ચેરમેન પદ માટેના પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યા હતા.

દિલ્હી ખાતે નાફેડના ચેરમેન પદ માટે મતદાન યોજાયું હતું. જેમાં ગુજરાતના બે સહિત કુલ ૨૧ ડિરેક્ટરોએ આ ચૂંટણીમાં મતદાન કર્યું છે. જેમાં રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારિયા સહિત ગુજરાતના બે ડિરેક્ટરોએ મતદાન કર્યું છે.

અગાઉ ખેડૂતોની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકોમાં ચેરમેન તરીકે દિલીપ સંઘાણી તરીકે બિનહરીફ ચૂંટાયા હતા.

ઈફકોના ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુક્તિ માટે ૨૧ ડિરેકટરોની બોર્ડ મિટિંગમાં દિલીપ સંઘાણીની ચેરમેન તરીકે બીજી વખત નિયુક્તિ કરાઈ હતી. તો ઈફકોના બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે બે ટર્મથી જયેશ રાદડિયાની જીત થઈ હતી.

જણાવી દઈએ કે, આ વર્ષે સહકારી ક્ષેત્રમાં ઉમેદવારની પસંદગીમાં મુશ્કેલી ઉભી થઈ હતી. જેમાં ભાજપે બિપીન પટેલને મેન્ડેટ આપ્યું હતું. છતાં જયેશ રાદડિયાએ ભાજપના મેન્ડેટ સામે ફોર્મ ભર્યું હતું. જેને લઈ જયેશ રાદડિયા અને બિપીન પટેલ તેમજ મોડાસાના પંકજ પટેલ વચ્ચે જંગ હતો.

ઈફકોમાં ડિરેક્ટર પદ માટે યોજાયેલી ચૂંટણીમાં જયેશ રાદડિયાની જીત થઈ હતી. કુલ ૧૮૨ મતદારો હતા, જેમાંથી ૧૮૦ મતદારોએ મતદાન કર્યું હતું. જયેશ રાદડિયાને ૧૧૪ મત અને બિપિન પટેલને ૬૬ મત મળ્યા હતા.

### ચારધામ તીર્થયાત્રાને લઈને મોટા સમાચાર

# ૫૦ વર્ષથી વધુ ઉંમરના શ્રદ્ધાળુઓની આરોગ્ય તપાસ ફરજિયાત બનાવાઈ

દેહરાદૂન, તા.૨૩

ચારધામ તીર્થયાત્રા પર જઈ રહેલા ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે એક મોટા સમાચાર આવી રહ્યા છે. અહેવાલો અનુસાર, યાત્રા રૂટ પર સ્વાસ્થ્યના કારણોસર શ્રદ્ધાળુઓના મૃત્યુથી ચિંતિત, ઉત્તરાખંડ સરકારે ૫૦ વર્ષથી વધુ ઉંમરના શ્રદ્ધાળુઓની આરોગ્ય તપાસ ફરજિયાત બનાવી છે. જણાવી દઈએ કે ૧૦ મેના રોજ ચારધામ યાત્રાની શરૂઆતથી અત્યાર સુધીમાં ૨૦ થી વધુ શ્રદ્ધાળુઓ સ્વાસ્થ્ય સંબંધિત કારણોસર મૃત્યુ પામ્યા છે.

ઉત્તરાખંડના મુખ્ય સચિવ રાધા રતુરીએ દેહરાદૂનમાં જણાવ્યું હતું કે આરોગ્ય વિભાગ વિવિધ સ્થળોએ ચારધામ યાત્રા પર આવતા શ્રદ્ધાળુઓની આરોગ્ય તપાસ કરશે. તેમણે કહ્યું કે ખાસ કરીને ૫૦ વર્ષથી વધુ ઉંમરના મુસાફરો માટે આરોગ્યની તપાસ ફરજિયાતપણે કરવામાં આવશે, રતુરીએ કહ્યું કે શ્રદ્ધાળુઓને શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે, આરોગ્ય વિભાગ, ‘વિશ ફાઉન્ડેશન’ અને હંસ ફાઉન્ડેશને ‘ઈ-સ્વસ્થ્ય ધામ’ એપ લોન્ચ કરી છે જેના પર તેઓએ તેમનો સ્વાસ્થ્ય ડેટા અપલોડ કરવાનો રહેશે.

રતુરીએ આરોગ્ય અને પર્યટન વિભાગના અધિકારીઓને ચારધામ યાત્રા પર આવતા ભક્તોને નોંધણી દરમિયાન તેમના ‘તબીબી ઈતિહાસ’ (સ્વાસ્થ્ય પૃષ્ઠભૂમિ) વિશે માહિતી આપવા માટે જાગૃત કરવા જણાવ્યું છે. તેમણે કહ્યું કે જો શ્રદ્ધાળુઓ તેમનો સાચો તબીબી ઈતિહાસ પ્રદાન કરે છે, તો વહીવટીતંત્ર માટે કોઈપણ કટોકટીની સ્થિતિમાં તેમને તબીબી સહાય પૂરી પાડવાનું સરળ બનશે. તેમણે કહ્યું કે આ ઉપરાંત, તબીબી વિભાગ માટે તબીબી સંસાધનોનું વધુ સારી રીતે સંચાલન કરવું પણ સરળ બનશે. રતુરીએ કહ્યું કે વહીવટીતંત્ર શ્રદ્ધાળુઓને સુરક્ષિત અને સરળ ચારધામ યાત્રા આપવા માટે પ્રતિબદ્ધ છે.

સત્તાવાર આંકડાઓ અનુસાર, ચારધામ યાત્રા રૂટ પર સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓના કારણે અત્યાર સુધીમાં ૨૦થી વધુ શ્રદ્ધાળુઓના મૃત્યુ થયા છે. ઉચ્ચ હિમાલય પ્રદેશમાં ચારધામોના સ્થાનને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે હિન્દી અને અંગ્રેજી સહિત ૧૪ ભાષાઓમાં આરોગ્ય સલાહ જારી કરી છે અને ભક્તોને તેનું પાલન કરવા વિનંતી કરી છે.

### જજને શંકા જતા બહાર આવ્યું કૌભાંડ

# નકલી માર્કશીટનાં આધારે કર્ણાટકમાં સફાઈ કર્મચારી પટ્ટાવાળો બન્યો

બેંગલુરૂ, તા.૨૩

કર્ણાટકમાં એક જોરદાર કિસ્સો સામે આવ્યો છે. કોપ્પલ કોર્ટનાં જજે પટ્ટાવાળાની વિરુદ્ધ તપાસના આદેશ આપ્યા છે. જજે જ્યારે પટ્ટાવાળાની ધો.૧૦ની ૯૯ ટકાની ડિગ્રી જોઈ તો તે હેરાન થઈ ગયા કારણ કે સફાઈ કર્મચારી વાંચવા અને લખવામાં સક્ષમ નહોતો. જજે પટ્ટાવાળાની ધો.૧૦ની માર્કશીટ પર શંકા વ્યક્ત કરતા તપાસના આદેશ આપ્યા છે.

૨૩ વર્ષનાં પ્રભુ લક્ષ્મીકાંત લોકરે કોપ્પલ કોર્ટમાં સફાઈ કર્મચારી તરીકે કામ કરતા હતા. જોકે તેમણે ધો.૧૦માં ૯૯.૫ ટકા મેળવ્યા હતા અને બાદમાં કોર્ટમાં પટ્ટાવાળાની નોકરી પ્રાપ્ત કરી હતી. જોકે તેમની ઉપલબ્ધિએ જજના મનમાં શંકા પેદા કરી હતી. કારણ કે તેઓ કન્નડ ભાષામાં લખવામાં અને ભણવામાં સક્ષમ નહોતા. તે પછીથી કોપ્પલમાં જેએમએફસી ન્યાયાધીશે પોલીસને તેમની શૈક્ષણિક યોગ્યતા તપાસ કરવાના નિર્દેશ આપ્યા છે. ૨૬ એપ્રિલે પ્રભુની વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસ ફરિયાદ પછી પોલીસે પ્રભુની માર્કશીટ અને સ્કુલનું ભણતર તપાસ્યું હતું. તે પછીથી સત્ય સામે આવ્યું છે. તપાસમાં એ જાણવા મળ્યું કે રાયચૂર જિલ્લાના સિંધનૂર તાલુકના પ્રભુએ માત્ર ધો.૭ સુધીનો અભ્યાસ કર્યો હતો અને કોપ્પલ કોર્ટમાં સફાઈ કર્મચારી તરીકે કામ કરતો હતો. તેમ છતાં તેનું નામ પટ્ટાવાળાના પદ માટે ૨૨ એપ્રિલ ૨૦૨૪નાં રોજ બહાર પડેલા લિસ્ટમાં આવ્યું હતું. તેના પગલે તેનું પોસ્ટિંગ યાદગીરની જિલ્લા કોર્ટમાં થયું હતું. પ્રભુના સર્ટિફિકેટ અનુસાર તેણે એસએસએલસી પરીક્ષામાં ૬૨૫માંથી ૬૨૨ ગુણ પ્રાપ્ત કર્યા હતા. પ્રભુને વર્ષોથી જાણનાર જજને એ વાતનો ખ્યાલ હતો કે તે કન્નડ, હિન્દી અને અંગ્રેજી ભાષા લખી કે વાંચી શકતો નથી. જજને એ વાત પર શંકા થઈ કે પ્રભુ સફાઈ કર્મચારીમાંથી પટ્ટાવાળો કઈ રીતે બની ગયો. ન્યાયાધીશે એ બાબત પર ભાર મૂક્યો કે નકલી શૈક્ષણિક ઉપલબ્ધીઓથી તેજસ્વી વિદ્યાર્થીઓને નુકસાન થાય છેઅને એ બાબતની તપાસ કરવાના આદેશ આપ્યા કે શું બીજા કેટલાક લોકોએ પણ આ જ રીતે સરકારી નોકરીઓ પ્રાપ્ત કરી છે કે કેમ?

### ભાજપે બિહારના નેતા સામે લીધા પગલા

# ભોજપુરી સુપર સ્ટાર પવનસિંહને શિસ્તનું પાલન ન કરવા બદલ પાર્ટીમાંથી કાઢી મુકાયા

નવી દિલ્હી, તા.૨૩

ભાજપના ભોજપુરી સુપરસ્ટાર પવન સિંહને પાર્ટીમાંથી કાઢી મુકવામાં આવ્યા છે. તેઓ કારકાટ લોકસભા સીટથી એનડીએ ઉમેદવાર ઉપેન્દ્ર કુશવાહની વિરુદ્ધ અપક્ષ ચૂંટણી લડી રહ્યાં છે. પવન સિંહ પર શિસ્તનું પાલન ન કરવા અને પાર્ટી વિરોધી ગતિવિધિઓ કરવા બદલ કાર્યવાહી કરવામાં આવી છે. બિહાર ભાજપ અધ્યક્ષ સમ્રાટ ચૌધરીના આદેશથી તેમને પાર્ટીમાંથી કાઢી મુકવામાં આવ્યા છે.

બિહાર બીજેપીના પ્રદેશ મુખ્યાલયના પ્રભારી અરવિંદ શર્માએ આ અંગેના આદેશમાં લખ્યું છે કે પવન સિંહ લોકસભા ચૂંટણીમાં એનડીએના અધિકૃત ઉમેદવારની વિરુદ્ધ ચૂંટણી લડી રહ્યાં છે. તેમનો આ કાર્યકાળ પાર્ટી વિરુદ્ધ છે. તેમણે આ કાર્ય પાર્ટીની શિસ્તની વિરુદ્ધ કર્યું છે, તેનાથી પાર્ટીની છબીને અસર પહોંચી છે. તેમને દળ વિરોધી ગતિવિધિઓમાં સામેલ થવાના કારણે પ્રદેશ અધ્યક્ષના આદેશ અનુસાર ભાજપમાંથી કાઢી મુકવામાં આવે છે.

### બેંગલુરૂમાં ૧૨ વર્ષની દીકરીને પેટમાં પડ્યું કાણું

# લિક્વિડ નાઈટ્રોજન પાન ખાવાથી છોકરીના પેટમાં કાણું પડી ગયું

### સ્મોક પાનમાં લિક્વિડ નાઈટ્રોજન ગેસનો થાય છે ઉપયોગ

બેંગલુરૂ, તા.૨૩

બેંગલુરૂમાં ૧૨ વર્ષની એક છોકરીને લિક્વિડ નાઈટ્રોજન પાન ખાવાથી પેટમાં કાણું પડી ગયું. પેટમાં દુઃખાવો ઉપડતા તેને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. ત્યાં તપાસમાં પેટમાં ૪x૫ સેમીનું કાણું પડી ગયાનું જણાયું હતું. જેના માટે એક જટિલ સર્જરી કરવામાં આવી હતી. સર્જરીમાં બાળકીના પેટનો ચેપગ્રસ્ત ભાગ કાઢી નાખવામાં આવ્યો હતો. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ હવે તેનું સ્વાસ્થ્ય સારું છે.

બાળકી પારિવારિક પ્રસંગમાં ગઈ હતી ત્યાં તેણે સ્મોક પાન ખાધું હતું. સ્મોક પાનમાં લિક્વિડ નાઈટ્રોજન ગેસનો ઉપયોગ કરવામાં આવે છે. એવામાં જાણીએ નાઈટ્રોજન ગેસ શું છે. પૃથ્વીના વાતાવરણમાં ઓક્સિજનની જેમ નાઈટ્રોજન પણ વિપુલ માત્રામાં જોવા મળે છે. તે રંગહીન તેમજ સ્વાદહીન હોય છે. જ્યારે નાઈટ્રોજનનું તાપમાન -૧૯૫.૮ ડિગ્રી સેલ્સિયસથી નીચે જાય છે, તો તે પ્રવાહી સ્વરૂપમાં પરિવર્તિત થઈ જાય છે. જો કે પૃથ્વી પર ક્યારેય આટલું તાપમાન ઘટતું નથી આથી કૃત્રિમ રીતે તેને લિક્વિડ ફોર્મમાં લાવવામાં આવે છે.

લિક્વિડ નાઈટ્રોજનમાં બે ગુણ હોય છે જે સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે. એક તો તેનું તાપમાન, જેને ટેકનિકલ રીતે કોલ્ડ બર્ન કહેવામાં આવે છે. કોલ્ડ બર્નના કારણે શરીરની પેશીઓને નુકસાન થાય છે. એવામાં પણ જો તે ત્વચા, આંખો વગેરેના સંપર્કમાં આવે છે, ત્યારે ખૂબ નુકસાન પહોંચાડે છે.

બીજી અસર એ છે કે ૧ ગ્રામ લિક્વિડ નાઈટ્રોજન ૬૦૦-૭૦૦ મિલી ગેસ ઉત્પન્ન કરી શકે છે. જો તમારું વજન ૨-૩ ગ્રામ પણ વધે છે, તો તમારે પેટમાંથી લગભગ ૧૫૦૦ ml ગેસ બહાર કાઢવો પડશે. મોટાભાગે શરીર આ કંટ્રોલ કરી શકતું નથી અને શરીરને નુકસાન થાય છે. જેના કારણે જીવનું જોખમ પણ થઈ શકે છે.

કર્ણાટકના દાવંગેરેમાં ’સ્મોક્ડ બિસ્કિટ’ ખાધા બાદ એક છોકરો બીમાર પડતાં તમિલનાડુના આરોગ્ય વિભાગે ૨૫ એપ્રિલના રોજ એક આદેશ જારી કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે ખાદ્ય ચીજવસ્તુઓ અથવા પીણા પીરસતા પહેલા લિક્વિડ નાઈટ્રોજનને સંપૂર્ણપણે બાષ્પીભવન કરવું જોઈએ.

### સત્યરાજે એક ઈન્ટરવ્યુમાં આ સમાચાર વિષે વાત કરી

# બાહુબલીનો કટપ્પા મોદીની બાયોપિકમાં જોવા મળશે?

### આઈકોનિક રોલ માટે જાણીતા અભિનેતા સત્યરાજે ખુલાસો કર્યો

ચેન્નાઈ, તા.૨૩

અભિનેતા સત્યરાજે સાઉથના ફિલ્મોની સાથે બાહુબલીમાં કટપ્પાનું પાત્ર ભજવી હિન્દી ફિલ્મો માં પણ પોતાનું આગવું સ્થાન બનાવી લીધું છે.તેથી હવે સૌ કોઈની નજર કટપ્પા કયા રોલમાં જોવા મળશે તે જાણવા માટે રાહ જોતી હોય છે. એવામાં એક અફવા એ જોર પકડયું છે. જે મુજબ સત્યરાજ એક મહત્વપૂર્ણ પાત્રની ભૂમિકામાં જોવા મળશે એવા સમાચારો વહેતા થયા છે.

દરમિયાનમાં બાહુબલી રિલીઝ થયા બાદ સાઉથ એકટર સત્યરાજનું નામ દરેકના હોઠ પર હતું. ફિલ્મ જોનાર દરેક વ્યક્તિના હોઠ પર એક જ સવાલ હતો, ‘કટપ્પાએ બાહુબલીને કેમ માર્યો?’ સત્યરાજ, જેઓ હજુ પણ તેમના આઈકોનિક રોલ માટે દેશભરમાં જાણીતા છે, તે તાજેતરમાં સમાચારમાં છે.

ઘણી જગ્યાએ એવું કહેવામાં આવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર બાયોપિક બનવા જઈ રહી છે. અને આ ફિલ્મમાં સત્યરાજ પીએમની ભૂમિકા નિભાવશે.હવે સત્યરાજે એક ઈન્ટરવ્યુમાં આવા સમાચાર વિશે વાત કરી છે. એક તમિલ વેબસાઈટ સાથે વાત કરતા તેણે પીએમ મોદીની ભૂમિકા ભજવવાના સમાચાર પર પ્રતિક્રિયા આપી.શું સત્યરાજ વડા પ્રધાનની ભૂમિકા ભજવશે?

મિનામ્બલમને આપેલા એક ઈન્ટરવ્યુમાં સત્યરાજે કહ્યું કે તેઓ પોતે પણ આવા સમાચારથી



આશ્ચર્યચકિત છે. તેણે કહ્યું, ‘હું વડાપ્રધાન મોદીની બાયોપિકમાં કામ કરી રહ્યો છું તે સમાચાર મારા માટે પણ સમાચાર છે. પીએમ મોદીની ભૂમિકા ભજવવા માટે કોઈએ મારો સંપર્ક કર્યો નથી. લોકો સોશિયલ મીડિયા પર અવ્યવસ્થિત સમાચાર ફેલાવતા રહે છે.અફવાઓ ફેલાવવા માટે સોશિયલ મીડિયાને જવાબદાર ઠેરવતા સત્યરાજે કહ્યું, ’’અગાઉના અખબારોમાં આવી વાર્તાઓ લાવતા - ’યુવતીની હત્યા... શું આની પાછળ કોઈ ગેરકાયદેસર સંબંધ છે?’ તેવી જ રીતે, સોશિયલ મીડિયા હવે પાયાવિહોણી અફવાઓનું સ્થાન બની ગયું છે.

સત્યરાજ એક ખુલ્લા પેરિયારીસ્ટ છે, અને તેણે ઘણી વખત દાવો કર્યો છે કે તે પેરિયાર વિરોધી વિચારધારા ધરાવતી કોઈપણ ફિલ્મમાં કામ કરશે નહીં. રાજકીય રીતે, પેરિયારિઝમની વિચારધારા અને પીએમ મોદીની પાર્ટી ભાજપ સંપૂર્ણપણે વિરોધી ધ્રુવ પર હોય તેવું લાગે છે. તેથી જ જનતાને એટલો આઘાત લાગ્યો કે સત્યરાજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભૂમિકા ભજવવા કેવી રીતે સંમત થયા! સત્યરાજની વાત કરીએ તો તે તેની આગામી ફિલ્મ ‘વેપન’ની રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં તે એક સુપરહ્યુમનનો રોલ કરી રહ્યા છે. રાજીવ મેનન અને વસંત રવિ સાથે સત્યરાજ અભિનીત આ ફિલ્મના ટ્રેલરે લોકોને ખૂબ જ ઉત્સાહિત કરી દીધા હતા. વેપન ૨૩ મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

ભારત સરકારના 'નશામુક્ત ભારત અભિયાન'ના અમલીકરણ અંતર્ગત

# રાજકોટની જિલ્લા સ્તરની નશામુક્ત અભિયાન સમિતિની બેઠક કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાઈ






રાજકોટ તા. ૨૩

ભારત સરકારના 'નશામુક્ત ભારત અભિયાન' ના અમલીકરણ અંગેની રાજકોટની જિલ્લા સ્તરની નશામુક્ત અભિયાન સમિતિની બેઠક કલેકટરશ્રી પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

કલેકટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં કલેકટર પ્રભવ જોશીએ હાલમાં રાજકોટમાં યોજાયેલ કેન્સર વોરિયર ફેશન શોનું ઉદારહણ આપીને જિલ્લાની તમામ સરકારી કચેરીઓ અને શાળા કોલેજોમાં નશા મુકિત અભિયાન અંતર્ગત વધુને વધુ લોકોમાં જાગૃતિ આવે તે માટે અપીલ કરી હતી. ઉપરાંત સોશિયલ મીડિયા પર નશામુકિત અંગેના વિવિધ વિડીયો બનાવીને નશાથી થતા નુકશાન અંગે લોકોમાં જાગૃતિ આવે તે સંદર્ભે સંદેશો ફેલાવવા પર ભાર મુકયો હતો.

જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હણેએ આ પ્રસંગે જણાવ્યું હતું કે શહેર અને ગામડાઓમાં જઈને લોકોને ૧૫ મિનિટ જાગૃતિ સંદેશ આપવો જોઈએ. શ્રી ગવ્હણેએ માવા, ફાકી અને ગુટખા સહિતના વ્યસનથી થતાં કેન્સર જેવા રોગોથી બચવા અને તંદુરસ્ત રહેવા લોકોને જાગૃત કરવા અંગે સૂચનો આપ્યા હતા. ઉપરાંત યુવાઓને નશામુકિત માટે મનોચિકિત્સકની મદદ લેવા જણાવ્યું હતું.

આ મિટિંગમાં "નશામુક્તિ અભિયાન હેઠળ કરાયેલ કામગીરીની જાણકારી આપતા જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એચ.આર.રાઠોડે જણાવ્યું હતું કે, રાજકોટમાં નશા મુક્ત ભારત અભિયાન હેઠળ જાન્યુઆરીથી મે મહિના સુધી વિવિધ સ્થળોએ ચાર કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. જેમાં ૬૫૦ વ્યક્તિઓ નશા મુક્તિ અભિયાન અંગે જાગૃતિ મેળવીને લાભાન્વિત થયા છે.

આ બેઠકમાં વિકસતી જાતિ કલ્યાણના નાયબ નિયામક એસ.એચ લાંબા, મેડિકલ ઓફિસર, નાયબ મ્યુનિસિપલ કમિશનર ડો. જે.એસ.વાકાણી, જિલ્લા બાળ સુરક્ષા વિભાગના ઓફિસર ઈન્ચાર્જ અલ્પેશભાઈ ગોસ્વામી, જિલ્લા શાસનાધિકારી નમેરા વિપુલા એસ, આઈ.ટી.આઈના પ્રિન્સીપાલ ડી.એમ.રાસમિયા, પોલીસ ઈન્સ્પેકટર જે.એમ. કૈલા, પોલીસ વિભાગના પ્રતિનિધિશ્રી જે.એસ.જાપડિયા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢના શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રાહતદરના દવાખાના ખાતે છાસ વિતરણ કેન્દ્ર શરૂ કરાયું







જૂનાગઢ તા.૨૩

જૂનાગઢમાં ભારે ગરમીને લઈને ઓરેન્જ એલર્ટ સરકાર દ્વારા જાહેર કરવા માં આવેલ હોય ત્યારે સેવા મારુ કર્મ સેવા મારો ધર્મ સૂત્રને લઈને ચાલતું શક્તિ પરિવાર દ્વારા જૂનાગઢ ના સલ્મ વિસ્તાર કહી શકાય એવા દાતાર રોડ સ્થીત શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રાહતદર ના દવાખાના ખાતે તા.૨૧/૫/૨૦૨૪ થી વિનામૂલ્યે છાસ વિતરણ કેન્દ્ર શરૂ કરવા માં આવેલ છે તે વિસ્તાર ના લોકો તથા રાહદારીઓ ભરપૂર પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે

દરરોજનું ૫૦ કિલો ઘોરવાની છાસનું વિતરણ કરવામાં આવે છે આશિષભાઈ રાવલની યાદી માં જણાવ્યા અનુસાર જૂનાગઢમાં પ્રથમ વાર આ રીતનું સલ્મ વિસ્તાર માં છાસ વિતરણ કેન્દ્ર શરૂ કરવા માં આવેલ છે. આ કાર્ય માં શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ ના ડો. જયદીપભાઈ વ્યાસ, પરેશભાઈ પરમાર, હરેશભાઈ ઠાકર, હરેશભાઈ પુરોહિત, મિત્તલભાઈ મજીઠીયા તથા સંસ્થા ની બેહનો નયનાબેન પારેખ, હીનાબેન જાની તથા રેખાબેન આહીર દ્વારા સલ્મ વિસ્તાર ના લોકો ની સેવા કરવા માટે જેહમત ઉઠાવી રહ્યાં છે.

# ખંભાળિયા પંથકનો વર્ષો જુનો પાણી અંગેનો પ્રશ્ન હલ થશે: સલાયા નજીક રૂપિયા બાર કરોડના ખર્ચે ડેમનું થશે નિર્માણ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૩

ખંભાળિયા શહેરને પાણી પૂરું પાડતા ઘી ડેમ કે જેનું નિર્માણ અંગ્રેજોના સમયમાં થયું હતું, તે છેલ્લા ઘણા વર્ષોથી ચોમાસામાં ઓવરફ્લો થઈ જાય છે. ત્યાર બાદ તેનું લાખો લિટર પાણી દરિયામાં વહી જાય છે. આ સહિતના મુદ્દે ખંભાળિયાના ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા દ્વારા આ ખાસ લક્ષ્ય કેળવી, આગામી સમયમાં ખંભાળિયા નજીક સલાયા પહેલા એક ડેમનું નિર્માણ થાય અને ત્યાં વરસાદી પાણીનો સંગ્રહ થઈ શકે તે માટે સંબંધિત તંત્રને રજૂઆત કરવામાં આવી હતી.

મીઠા પાણીનો યોગ્ય રીતે સંગ્રહ થાય તે હેતુથી પહેલા સલાયા- ૨ નામથી પાણી માટેની આશરે રૂપિયા બાર કરોડ જેટલી રકમના ખર્ચે યોજનાની મંજૂરીને રાજ્ય સરકાર દ્વારા સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો છે. આ યોજનાનો ખેડૂતો તેમજ સ્થાનિક રહીશોને મહત્તમ લાભ કઈ રીતે મળે તે હેતુથી અભ્યાસ તેમજ સર્વે અંગેની કામગીરી આગામી દિવસોમાં શરૂ થનાર હોવાનું પણ વધુમાં જાણવા મળ્યું છે.



અત્રે ઉલ્લેખનીય છે કે ખંભાળિયા તેમજ ભાણવડ વિસ્તારને હાલ પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે નર્મદા નદીના નિર પ્રાપ્ત થાય તે અંગે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની જહેમતથી હવે નર્મદાના નીર પ્રાપ્ત થશે. ત્યારે હવે આગામી દિવસોમાં આ વિસ્તારના લોકોની મુખ્ય રજૂઆત તેમજ લાગણી અને માંગણી મુજબ વધુ એક મોટો ડેમ બનશે અને લાખો લિટર મીઠું પાણી સંગ્રહ થશે. જેથી આ વિસ્તારના રહીશોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

# નર્મદાની પાઈપલાઈનમાંથી પીવાના પાણીની ચોરી થતી હોવાની મળેલી ફરિયાદને પગલે ગીરસોમનાથ કલેકટરની કદવાર ગામે ઓચિંતી તપાસ





જિલ્લામાં થતી પીવાના પાણીની ચોરીને કડક સાથે ડામી લેવામાં આવશે : કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા

(પ્રતિનિધી દ્વારા)

લોઢવા તા.૨૨

સૂત્રાપાડા તાલુકામાં પીવાનું પાણી ન મળવાની મળેલી ફરિયાદોને પગલે કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા સવારે અચાનક સૂત્રાપાડા તાલુકાના કદવાર ગામની સીમમાં પહોંચ્યાં હતાં. અત્યારે ઉનાળાના આકરી ગરમીને લીધે અને દરિયાકિનારે હોવાના કારણે ગીર સોમનાથ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા ઉદભવતી હોય છે. તેવામાં નર્મદાની પાઈપલાઈનમાંથી ગેરકાયદેસર રીતે લગાવેલા પાણીના કનેકશન કલેકટરશ્રીની ઉપસ્થિતિમાં જમીનમાંથી શોધી કાઢવામાં આવ્યાં હતાં અને તેને જીસીબીની મદદથી દૂર કરવામાં આવ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે, સોનારીયા થી પ્રશ્નાવડા જતી નર્મદાની પાઈપલાઈન વડે જિલ્લાના બાર ગામોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. અમૂક લોકો ગેરકાયદેસર રીતે પાણીના કનેકશન લગાવીને વચ્ચેથી જ પાણીની ચોરી કરતાં હતાં. જેને પગલે આ લાઈનમાં છેવાડે આવેલા ગામોના ગામના લોકોને પૂરતા પ્રમાણમાં પાણી મળતું ન હતું.

જિલ્લા કલેકટરશ્રીએ આ અંગે જણાવ્યું હતું કે, લોકોને પીવાના પાણી પૂરતું મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા કરોડોનો ખર્ચ કરીને નર્મદાની પાઈપલાઈન વડે પાણી પૂરું પાડવામાં આવે છે. જયારે અમૂક લોકો તેનો ખોટો ઉપયોગ કરતાં ગેરકાયદેસર રીતે આ લાઈનમાં પંચર પાડીને પાણી લે છે, જેના કારણે છેવાડાના ગામોમાં પૂરતા પ્રેશરથી પાણી મળતું નથી.

કલેકટરે આવી લાઈનો શોધી કાઢીને તાત્કાલિક દૂર કરવા માટે નર્મદા અને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત, જમીનમાં રહેલી આવી લાઈનો શોધી કાઢવા માટે તાત્કાલિક જેસીબી થી કાર્યવાહી આરંભી આવાં એક પણ કનેક્શન બાકી ન રહે અને સાચા લોકોને સાચી રીતે પૂરતા પ્રમાણમાં પાણી મળે તે માટે તંત્ર કટિબદ્ધ છે તેમ જણાવ્યું હતું.

કલેકટરે આવાં ગેરકાયદેસર રીતે કનેકશન લેનાર લોકો સામે કડક હાથે કામ લેવાં અને જરૂર પડે પોલીસ ફરિયાદ નોંધાવવા માટે પણ તંત્રના અધિકારીઓને માર્ગદર્શિત કર્યાં હતાં.

આ તપાસ દરમિયાન પાણી પુરવઠાના કાર્યપાલક ઈજનેર બી.એન.પટેલ, મામલતદાર વી.એસ. પ્રજાપતી, તાલુકા વિકાસ અધિકારી ભાવસિંહ પરમાર સહિતના અધિકારીઓ- કર્મચારીઓની ઉપસ્થિત રહ્યાં હતાં.

# પૂનમ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ દાદાને રંગબેરંગી ફુલોનો દિવ્ય શણગાર



(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૨૩

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણા વાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પૂનમ નિમિતે તા.૨૩-૦૫-૨૦૨૪ને ગુરૂવારના રોજ સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા ૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવેલ. દાદાને દિવ્ય વાઘાનો શણગાર તેમજ દાદાના સિંહાસનને રંગબેરંગી ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવેલ શ્રી હરિ મંદિરમાં પૂનમ નિમિતે સાંજે ૦૫:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવનું દિવ્ય ષોડશોપચાર પૂજનનું આયોજન કરવામાં આવેલ. ફૂલોનો શણગાર સાથોસાથ ફળ,પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવ્યા હતા, પુષ્પવર્ષા કરવામાં આવેલ. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

# ખંભાળિયાની બદિયાણી હોસ્પિટલમાં રવિવારે નેત્ર નિદાન, સારવાર કેમ્પનું આયોજન

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયામાં જામનગર માર્ગ પર આવેલી માનવસેવા સમિતિ સંચાલિત એલ.પી. બદિયાણી હોસ્પિટલ ખાતે આ ગામની રવિવાર તારીખ ૨૬ ના રોજ સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી વિના મૂલ્યે નેત્ર નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

મુંબઈના દાતા શ્રીમતી દીપિકાબેન ચંદ્રકાંતભાઈ બરછા પરિવારના આર્થિક સહયોગથી યોજવામાં આવેલા આ કેમ્પમાં રાજકોટની જાણીતી રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલના આંખના ડોકટરો તથા ટેકનીશીયનો તેઓની સેવાઓ આપશે. દર્દીઓને સ્થળ પર જ તપાસી દવા તેમજ જરૂરી સારવાર અપાશે. ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને રાજકોટ ખાતે આધુનિક પદ્ધતિથી ઓપરેશન કરી, નેત્રમણી પણ મૂકી આપવામાં આવશે.

આ સાથે યોજવામાં આવેલા સર્વરોગ નિદાન કેમ્પમાં જાણીતા નિષ્ણાત ડોક્ટર નિલેશભાઈ રાયઠઠ્ઠા દર્દીઓને તપાસી અને દવાઓ આપશે.

આ કેમ્પનો મહત્તમ લાભ લેવા ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારના લોકોને માનવ સેવા સમિતિના પ્રમુખ ધીરેનભાઈ બદિયાણી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વીજ કનેક્શનના પોલ ખોડવાની બાબતે ભાટિયાના યુવાન પર જીવલેણ હુમલો : આઠ સામે ફરિયાદ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે રહેતા જીગ્નેશભાઈ રણમલભાઈ નકુમ નામના ૨૬ વર્ષના સતવારા યુવાનની ખેતીની જમીનમાં વીજ કનેક્શનના પોલ ખોડવા બાબતે આ જ વિસ્તારમાં રહેતા કાના દેવજીભાઈ નકુમ, મનજી દેવજીભાઈ નકુમ, રણછોડ શામજીભાઈ નકુમ, દિનેશ શામજીભાઈ, માધા હીરાભાઈ, કિશોર પોપટભાઈ, ભાવેશ મનજીભાઈ અને રમેશ દેવજીભાઈ નામના આઠ શખ્સોએ સમાન ઈરાદો પાર પાડવા ગેરકાયદેસર મંડળી રચીને લાકડાના ધોકા વડે હુમલો કર્યો હતો.

આ પ્રકરણમાં આરોપીઓએ ફરિયાદી જીગ્નેશભાઈ તથા સાહેદને બિભત્સ ગાળો કાઢી, મારી નાખવાના ઈરાદાથી લાકડાના ધોકા વડે બેફામ ઘા ફટકાર્યા હતા. જેથી જીજ્ઞેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ તેમજ સાહેદને ફ્રેક્ચર સહિતની ઈજાઓ થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રકરણ અંગે કલ્યાણપુર પોલીસે તમામ આઠ શખ્સો સામે આઈપીસી કલમ ૩૦૭, ૩૨૪, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. યુ.બી. અખેડ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# કલ્યાણપુર નજીક રસ્તે ચાલવા બાબતે બે પરિવારો વચ્ચે બઘડાટી: ધોકા, પાઈપનો છૂટથી ઉપયોગ થયો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

કલ્યાણપુર તાલુકામાં રહેતા કરસનભાઈ વેજાણંદભાઈ ઉર્ફે વેજાભાઈ કરમુર નામના ૪૫ વર્ષના આહિર યુવાન તેમની સાથે સાહેદ નિલેશભાઈને સાથે રાખીને પોતાના ખેતરમાં શેઢે સાફ-સફાઈનું કામ કરી રહ્યા હતા, તે દરમિયાન આ જ વિસ્તારમાં રહેતા જેસા દેવરખીભાઈ કરમુર, રમેશ દેવરખીભાઈ, રોહિત પીઠાભાઈ, પુનિત પીઠાભાઈ, ભીમા દેવરખી અને રાજેશ રમેશભાઈ નામના છ શખ્સો અહીં આવ્યા હતા અને ફરિયાદી કરસનભાઈ તથા સાહેદ નિલેશભાઈને "પોતાના વાડીમાં આ રસ્તેથી અવર-જવર નહીં કરવાની" તેમ કહીને લાકડાના ધોકા, લોખંડનો પાઈપ, નાના હાથાવાળું ધારીયું, કુહાડા, જેવા હથિયારો વડે હુમલો કરી અને ફરિયાદી કરસનભાઈની આંગળી તોડી નાખી હતી. આમ, તમામ છ આરોપીઓએ એકસંપ કરી, ફરિયાદી તથા સાહેદને બેફામ માર માર્યાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ધોરણસર ફરિયાદ કલ્યાણપુર પોલીસ મથકમાં નોંધાઈ છે. જે અંગે પોલીસે આઈ.પી.સી. કલમ ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. ઝાલા દ્વારા હાથ વધારવામાં આવી છે.

સામા પક્ષે રોહિતભાઈ પીઠાભાઈ કરમુર (ઉ.વ. ૨૪, રહે. હરીપર રોડ) એ કરસનભાઈ વેજાભાઈ કરમુર તથા તેના પુત્ર નિલેશ સામે નોંધાવેલી ફરિયાદમાં જાહેર થયું છે કે ફરિયાદી રોહિત તેમજ તેમના કુટુંબીજનોને આરોપી પરિવાર સાથે વાડીમાં ચાલવાના રસ્તા બાબતે વિવાદ ચાલતો હોય, તે અંગેનું મનદુઃખ રાખીને ફરિયાદી તથા તેના કાકા જેસાભાઈ કરમુર પોતાની વાડીએ ટ્રેક્ટર વડે જમીન ખેડી રહ્યા હતા, ત્યારે આરોપીઓએ લાકડી વડે હુમલો કરી, અને કાકા-ભત્રીજાને નાની-મોટી ઈજાઓ પહોંચાડી હતી. જે અંગે પોલીસે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. વી.આર. શુક્લ દ્વારા હાથ ધરવામાં આવી છે.


| જા.નં. ૧૫૭ /૨૦૨૪-૨૫ | વંથલી નગરપાલિકા | તા.૧૩/૦૫/૨૦૨૪ |
|---|---|---|

-:: જાહેર સુચના ::-

"ભયજનક મકાનો, રસ્તા પરના હોર્ડીંગ્સ તેમજ ભયજનક વૃક્ષો બાબતે ચેતવણી"

વંથલી નગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ વપરાશી-બિન વપરાશી ભયજનક મકાનોના માલિક-કબ્જેદારો હીત ધરાવતા સર્વે શખ્સો અને નગરપાલિકાની હદ વિસ્તારમાં આવેલ ભયજનક વૃક્ષો તથા જાહેરાતના હોર્ડીંગ્સ માલિકોને આથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે આવા મકાનોના ભયજનક જર્જરીત ભાગ, વૃક્ષો કે હોર્ડીંગ્સ પડી જવાથી કોઇપણ જાનમાલ/મિલકતને નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી મકાનોના માલિક/કબ્જેદાર/હીત ધરાવનાર શખ્સોની રહેશે. તેમજ આ પ્રકારની ભયજનક મિલકતો, વૃક્ષો અને હોર્ડીંગ્સ મિલકતધારકે સ્વખર્ચે દુર કરવાના રહેશે. આવા ભયજનક મકાનો જો વસવાટ માટે ઉપયોગમાં લેવાતા હોય તો ખાલી કરવાના રહેશે.

આવા ભયજનક મકાનોમાં કોઇપણ શખ્સોએ પ્રવેશ કરવો નહીં તેમજ ભયજનક હોર્ડીંગ્સ તથા વૃક્ષોની પાસે વાહનો પાર્ક કરવા નહીં. તેમજ આવા ભયજનક જણાતા મકાનો તેમજ હોર્ડીંગ આસપાસ અવર-જવર કરવી નહીં. તથા આજુબાજુના મકાનોના ઉપયોગકર્તાઓએ સાવચેતી માટે પુરતી કાળજી લેવી.

નોંધ: ભયજનક વૃક્ષો સંબંધિત ખાતાની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ કાપવાના રહેશે.

માહિતી/જુના/જા.ખ./૧૨/૨૪

# જૂનાગઢ તાલુકા સેવાસદનનો મુખ્ય દરવાજો બંધ કરી દેવાતા અરજદારોને હાલાકી

## આડેધડ થતા પાર્કિંગ સહિતની સમસ્યા ઉદભવતી હોવાને કારણે ગેટ બંધ કરાયો છે અને અન્ય ગેઈટનો ઉપયોગ કરવા લોકોને અનુરોધ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં સરદારબાગ નજીક જૂનાગઢ તાલુકા સેવા સદન કચેરી આવેલી છે. આ કચેરીના રોડ ઉપરના ગેઈટ નજીક વિવિધ સમસ્યાઓ સર્જાતી હોવાના કારણે ગઈકાલે પ્રાંત અધિકારીના આદેશ અનુસાર રોડ ઉપરનો આ ગેઈટ બંધ કરી દેવામાં આવતા અરજદારોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તો બીજી તરફ અહીં પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા ગોઠવાયા બાદ રોડ ઉપરનો આ ગેઈટ ખોલવામાં આવશે ત્યાં સુધી લોકોને મુખ્ય ગેઈટનો ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

જૂનાગઢ તાલુકા સેવા સદન કચેરીએ આવેલી વિવિધ ઓફિસોમાં લોકો કુપનમાં નામ કમી, એટીવીટી શાખા, જાતી પ્રમાણપત્ર, આવકનો દાખલો, ૭/૧૨, ઈબીસીનું સર્ટીફિકેટ તેમજ અનેક પ્રમાણપત્રો અને દાખલા કઢાવવા માટે લોકોને તાલુકા સેવા સદન ખાતે આવવાનું થતું હોય છે અને અરજદારોનું આવનજાવન આ કચેરીમાં સતત રહેતું હોય છે. દરમ્યાન ગઈકાલે તાલુકા સેવા






સદનના રોડ ઉપરના ગેઈટને બંધ કરી દેવામાં આવેલ છે અને જેને લઈને લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દરમ્યાન ગઈકાલે અરજદારોને આ બંધ કરાયેલા ગેઈટ કુદી અને અંદર જઈ રહ્યા હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા. વધુમાં વિવિધ કામગીરી સબબ અહીં આવનારા અરજદારોએ એવી રજુઆત કરી છે કે રોડ ઉપરનો આ ગેઈટ તત્કાલ ખોલી નાખવામાં આવે તેવી તેઓની માંગણી છે. તો બીજી તરફ જૂનાગઢના પ્રાંત અધિકારી અને સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચરણસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, તાલુકા સેવા સદનનો રોડ ઉપરનો ગેઈટ વિવિધ સમસ્યાઓને કારણે બંધ કરી દેવામાં આવ્યો હતો. ખાસ કરીને લોકો આડેધડ વાહન પાર્ક કરી નાખતા હોય છે તેમજ ગેઈટ પાસે જ કાયમને માટે લોકોનો જમાવડો હોય છે. એટલું જ નહી ત્યાં ઉભેલા લોકો પાન-માવા સહિતનો કચરો પણ ત્યાં ફેંકતા હોય છે અને આડેધડ વાહન પાર્ક કરીને ઘણા લોકો પોતાના કામ ઉપર પણ જતા રહેતા હોય છે. આડેધડ વાહન પાર્કિંગ કરીને જતા રહેતા અરજદારોના લીધે કર્મચારીના વાહનો અને અધિકારીઓના વાહનોને જવા-આવવા માટે રસ્તો રહેતો નથી તો બીજી તરફ મનફાવે ત્યાં પાન મસાલાની પીચકારી મારીને કચેરીમાં ગંદકી ફેલાવવામાં આવે છે. ગઈકાલે પોલીસ બોલાવી અને ૨૫થી વધારે વાહનોને ટોઈંગ કરાવી અને રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત જીલ્લા પોલીસ વડાને પણ એક અરજી આપવામાં આવી છે અને અહીં પોલીસ સ્ટાફ કે જીઆરડી અને હોમગાર્ડ જવાનોની ફાળવણી કરવામાં આવે જેથી રાત્રીના સમયે પણ કચેરીમાં કોઈ આવારાતત્વો દ્વારા ગેરકાયદેસર પ્રવૃતિ કરવામાં ન આવી શકે અને વિશેષમાં પોલીસની વ્યવસ્થા થયા બાદ ફરીથી આ ગેઈટ ખોલવામાં આવશે ત્યાં સુધી અરજદારોને મુખ્ય ગેઈટનો ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવેલ છે.

# જૂનાગઢના ભાજપના વોર્ડ નં-૧ના પૂર્વ કોર્પોરેટર અને બિલ્ડરને મુંબઈના બે ભજનીક દ્વારા ધમકી અપાઈ : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢના ભાજપના વોર્ડ નં-૧ના પુર્વ કોર્પોરેટર અને બિલ્ડરને મુંબઈના બે ભજનીક દ્વારા જાનથી મારી નાખવાની ફોન ઉપર ધમકી આપવામાં આવતા ચકચાર જાગી ઉઠી છે.

આ બનાવ અંગે પુર્વ કોર્પોરેટર દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતા બી ડીવીઝન પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર ભાજપના વોર્ડ નંબર ૧ના પુર્વ કોર્પોરેટર અને બિલ્ડર ભુપતભાઈ શિવલાલભાઈ શેઠીયા (રહે.બ્લોક નં-૪૦૪, ચોથા માળે, નીલધારા એપાર્ટમેન્ટ, તળાવ દરવાજા પાસે)એ બી ડીવીઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તા.૩ મેએ મુંબઈના ભજનીક જીતુભાઈના ૯૮૨૦૭૩૭૧૬૪ નંબરના મોબાઈલ ઉપરથી ફોન આવ્યો હતો. ફોનમાં જીતુભાઈ ભજનીકે કહ્યું હતું કે, તું જયાં હોય ત્યાં ચેતીને રહેજે અમે ભજનના ડાયરા કરતા હોય અમને ગામે ગામના લોકો ઓળખતા હોય છે. તું જયાં જાય એની અમને ખબર પડી જશે. અમે તારા હાથ-પગ તોડીને તને જાનથી મારી નાખીશું. બાદમાં જીતુભાઈ ભજનીકનો ચાલુ ફોન લઈ મુંબઈના જ ભજનીક વસંતભાઈ ભદ્રાએ મારી સાથે વાત કરી તેણે પણ મને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મુંબઈ વાળા જીતુભાઈ ભજનીક અને વસંતભાઈ ભદ્રા સાથે મારે સમાજની બાબતમાં ૨૦-૨૨ દિવસ પહેલા જામનગર ખાતે માથાકુટ થઈ હતી તે બાબતનું મનદુઃખ રાખીને મને જાનથી મારી નાખવાની ધમકી આપી છે.

ભુપતભાઈ શેઠીયાની ફરિયાદના આધારે પોલીસે જીતુભાઈ ભજનીક રહે.મુંબઈ તેમજ વસંતભાઈ ભદ્રા ભજનીક રહે.મુંબઈ વાળા વિરૂધ્ધ કલમ ૫૦૬(૨) મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસકે પટોળીયા ચલાવી રહ્યા છે.

# માળીયાહાટીના તાલુકાના ખોરાસા ગીર ગામે રસ્તા બાબતે બોલાચાલીમાં હુમલો : સામસામી ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

માળીયાહાટીના તાલુકાના ખોરાસા ગીર ગામે ચોકીની ધાર પા વાડી વિસ્તારમાં રસ્તા બાબતે બોલાચાલીમાં મારામારીનો બનાવ બનેલ છે અને સામસામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવ અંગે ચોરવાડ પોલીસે આપેલી વિગત અનુસાર, હાલ રાજકોટ રહેતા અને મુળ ખોરાસા ગીર ગામના રમેશભાઈ ભનુભાઈ કમાણી (ઉ.વ.૫૧)એ અંબાવીભાઈ ગોવાભાઈ સાપોવાડીયા, ધીરૂભાઈ ગોવાભાઈ સાપોવાડીયા, હરીભાઈ ભીખાભાઈ સાપોવાડીયા, ગીતાબેન હરીભાઈ સાપોવાડીયા રહે.ખોરાસા ગીર વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી તથા ફરિયાદીના પત્ની ગીતાબેન સાથે આ કામના આરોપીઓએ રસ્તા બાબતે બોલાચાલી ઝગડો કરી આરોપીઓએ ફરિયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી આરોપી નંબર એકનાઓએ ફરિયાદીને ભાલા વડે જમણા હાથમાં આગળીના ભાગે ઈજા કરી તથા આરોપી નંબર ત્રણનાઓએ ફરિયાદીનો ઢાળીયા વડે માર મારી તથા આરોપીઓએ ફરીયાદીને શરીરે ઢીકાપાટુનો માર મારી તેમજ આરોપી નંબર ચારનાઓએ ફરિયાદીની પત્ની ગીતાબહેનને શરીરે ઢીકાપાટુનો માર મારી તેમજ આરોપી નંબર એક તથા આરોપી નંબર ત્રણનાઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવેલ છે. જયારે સામા પક્ષે અંબાવીભાઈ ગોવાભાઈ સાપોવાડીયા (ઉ.વ.૬૫) રહે.ખોરાસા ગીર વાળાએ રમેશભાઈ ભનુભાઈ કમાણી, ગીતાબેન રમેશભાઈ કમાણી, હરસુખભાઈ કમાણી તેમજ તેનો દિકરો વગેરે સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી સાથે આ કામના આરોપીઓએ રસ્તા બાબતે બોલાચાલી ઝગડો કરી આરોપીઓએ ફરિયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી શરીરે ઢીકાપાટુનો માર મારી તેમજ આરોપી નંબર ત્રણનાઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા ચોરવાડ પોલીસે બંને પક્ષની ફરિયાદ લઈ વધુ તપાસ હાથ ધરેલ છે.

# જૂનાગઢમાં શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે પૂનમની ભાવભેર ઉજવણી : ભાવિકો ઉમટી પડ્યા




(પ્રતિનિધિ દ્વારા)


જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે પૂનમની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. આજે સવારથી વિશેષ પૂજા ધ્વજારોહણ અભિષેક, મહાઆરતી, પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. ભગવાન સ્વામિનારાયણના સ્વહસ્તે પધરાવાયેલા સીધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવો ભકતજનોની મનોકામના પુર્ણ કરે છે. તેવા જૂનાગઢ ધામ ખાતે દરરોજ ભાવિકો મોટી સંખ્યામાં નિત્ય દર્શને આવતા હોય છે તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો તેમજ સેવાકીય કાર્યો થતા હોય છે તેમજ પૂનમ ભરવા આવનારા ભાવિકોનો પ્રવાહ પણ સતત રહેતો હોય છે ત્યારે આજે પૂનમની ભાવપુર્વક ઉજવણી કરવામાં આવી છે અને મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થ. ઉમટી પડયા છે. ચેરમેન શ્રી પૂ. પુરૂષોતમદાસ(પી.પી. સવામી) તેમજ મુખ્ય કોઠારી સ્વામિ પૂ. પ્રેમસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ સવારથી જ જુદા-જુદા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. અહી આવનારા ભાવિકો માટે સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. આજે પૂનમની ધામધુમથી ઉજવણી કરવામાં આવી રહી છે તેમ પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવેલ છે.

# ભવનાથ મહાદેવના પાટોત્સવની ધામધુમથી ભક્તિભાવપુર્વક આજે ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩





જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તીર્થ ક્ષેત્રમાં બિરાજમાન સ્વયંભુ ભવનાથ મહાદેવના પાટોત્સવની આજે ધામધુમથી અને ભક્તિભાવપુર્વક ઉજવણી કરવામાં આવી રહી છે અને ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડયા છે. મંદિર સાનિધ્યમાં દર વર્ષે મહાશિવરાત્રી મેળો અને પરિક્રમાનું આયોજન થાય છે. જેમાં લાખોની સંખ્યામાં ભાવિકો-ભકતો દાદાના દર્શનાર્થે ઉમટી પડે છે.

ભવનાથ એટલે ભવનો નાશ કરનાર. ભવનાથ મહાદેવ એ સ્વયંભુ મહાદેવ છે. આજે વૈશાખી પૂનમના પાવનકારી દિવસે દાદાના પ્રાગટય દિવસની ઉજવણી કરવામાં આવી છે. ભવનાથ મહાદેવનું વર્ણન સ્કંદ પુરાણમાં પણ કરવામાં આવ્યું છે. મહાશિવરાત્રીના દિવસે જ વ્યકિત એકવાર ભવનાથ દાદાના દર્શન કરે છે તેના સાત જન્મનું પાપ જાય છે. આજે સ્વયંભુ ભગવાન ભવનાથ દાદાના પાટોત્સવની ધામધુમપુર્વક ઉજવણી કરવામાં કરવામાં આવી રહી છે. આજે સવારે મંદિરમાં વિશેષ પૂજા, શ્રીંગાર, દિપમાળા, ધ્વજારોહણ, સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ભવનાથ મહાદેવના પાટોત્સવની ઉજવણીને લઈ ભાવિક-ભકતો અને સેવકગણમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# જૂનાગઢ સમસ્ત સિંધી યુવા સુન્ની મુસ્લીમ સમાજ સમુહ લગ્નનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા. ૨૩

સામાજીક ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થા સમસ્ત સિંધી યુવા સુન્ની મુસ્લીમ સમાજ દ્વારા સમુહ લગ્નનો સફળ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૧ દુલ્હા-દુલ્હનનાં સાદગીથી નિકાહ કરી કુરીવાજો દુર કરવા અને સમાજને નવો રાહ ચિંધવા સંદેશો આપવામાં આવ્યો હતો. જૂનાગઢ શહેરમાં મજેવડી દરવાજા બહાર આવેલ અકસા સોસાયટીનાં ગ્રાઉન્ડમાં વિવિધ ક્ષેત્રનાં સામાજીક, રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં સમુહ લગ્નનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયા હતાં. સમુહ લગ્નનાં કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાનાં પ્રમુખ અમીનભાઈ સીડા અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા અમીનભાઈ સીડાએ જણાવ્યું હતું કે હજુ આગામી સમયમાં સમાજ સુધારણાનાં કાર્યક્રમો થતા રહેશે. અને કુરીવાજોને તીલાંજલી આપવા અને લગ્નમાં થતા ખોટા ખર્ચા બંધ કરવા તેમજ સામાજીક, આર્થિક શૈક્ષણિક પ્રગતિ માટે સતત કાર્યવાહી કરવામાં આવશે. કાર્યક્રમનાં પ્રમુખ સ્થાને કતકપરાનાં સૈયબભાઈ સેતા ઉપસ્થિત રહયા હતાં. કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા ટીમનાં ઈમરાનભાઈ નારેજા, સુલતાનભાઈ ખેભર, હનીફ સીડા, સમીરભાઈ શમા વગેરેએ ભારે મહેનત કરી હતી. તેમજ સુલેમાનભાઈ સીડા, અમીનભાઈ નોતીયાર, હાજીભાઈ ઠેબા, મહમદભાઈ સીડા, બશીરભાઈ સાંધ, તેમજ મહીલા મોર્ચાનાં અગ્રણીઓ નીરજાબેન દોલકીયા, નાજીમાબેન હાલા, રસીદાબેન સીડા, હમીદાબેન દલ, સેજનાજબેન સીડા, હસીનાબેન ખેભર, શહેનાજબેન હાલા, હસીનાબેન સીડા સહીતનાં મહીલા કાર્યકરોની ટીમે પણ કાર્યક્રમને સફળ બનાવવામાં ભારે મહેનત કરી હતી. કાર્યક્રમ ખુબ જ શિસ્ત સાથે સમય મર્યાદામાં સંપન્ન થયો હતો. સમસ્ત સિંધી યુવા મુસ્લીમ સમાજ દ્વારા આગામી સમયમાં પણ સતત સેવાકીય કાર્યો ચાલુ રાખવામાં આવશે તેમ સંસ્થાનાં પ્રમુખ અમીનભાઈ સીડાએ જણાવ્યું હતું.

# જૂનાગઢમાં આંગણવાડી કેન્દ્ર ખાતે બાલપાલક સર્જન કાર્યક્રમ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ મહા-નગરપાલિકાના આંગણવાડી કેન્દ્ર ખાતે સરકારની સૂચના મુજબ તા.૨૧ અને ૨૨ મે ૨૦૨૪ બે દિવસથી બાલકપાલક સર્જન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીમાં નોંધાયેલા ત્રણ થી છ વર્ષના બાળકોના વાલીઓ તેમજ આંગણવાડીમાં પ્રવેશપાત્ર બે થી ત્રણ વર્ષના બાળકના વાલીઓને આંગણવાડીમાં આપવામાં આવતા પૂર્વ પ્રાથમિક શિક્ષણ વિશે માહિતી આપવામાં આવેલ છે. બાળકો નો શારીરિક માનસિક સામાજિક અને બૌદ્ધિક વિકાસ થાય એવી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે રંગકામ, ચિત્રકામ, મણકા પરોવવા વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવેલ છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આંગણવાડીમાં બાળકોની સંખ્યા વધે અને બાળકો નિયમિત આંગણવાડીમાં આવતા થાય એ માટેનો છે.

# બિલખાના કાઠી જ્ઞાતીના વિદ્યાર્થીએ ખેલ મહાકુંભમાં સીલ્વર મેડલ મેળવી ગામનું નામ રોશન કર્યુ




(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા.૨૩

તાજેતરમાં અમદાવાદ ખાતે તા.૨૧-૫ના રોજ ગુજરાતનો ખેલ મહાકુંભ યોજાયો હતો. એમાં વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ હોંશે હોંશે ભાગ લીધો હતો. આ ખેલ મહાકુંભમાં મુળ બિલખાના અને હાલમાં પાલનપુર ખાતે પી.એમ.આઈ. તરીકે ફરજ બજાવતા હોનહાર ઓફિસર લખધીરભાઈ વાળાના પુત્ર આદિત્યભાઈ વાળાએ બોકસીંગની સ્પર્ધામાં ભાગ લીધો હતો અને આ સ્પર્ધામાં વિજેતા બની આદિત્યએ સીલ્વર મેડલ મેળવી સમગ્ર કાઠી સમાજ તથા બિલખાનું નામ રોશન કરેલ છે. બિલખા પંચાયતમાં પાણી પુરવઠા વિભાગમાં સેવા આપતા કુમારભાઈ વાળાના ભત્રીજા આદિત્યભાઈએ આ ભવ્ય સિધ્ધી હાંસલ કરતા ચોમેરથી અભિનંદનની વર્ષા થઈ રહી છે. બિલખાને ગૌરવ અપાવવા બદલ સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફિસ બિલખાએ આદિત્ય વાળાને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ઢોસાનો સ્વાદ તો રાજુભાઈ ઢોસા વાળાનો જ હોં ભાઈ...



રાજુભાઈ ઢોસાવાળા

દિવાન કોમ્પ્લેક્ષ, જૂનાગઢ

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.